dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 301 | AD - 2024, Ashadh Vad - 14 | Saturday, Dt.03-08-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સુપ્રીમ કોર્ટે ચુકાદામાં એનટીએની માળખાકીય પ્રક્રિયામાં રહેલી તમામ ખામીઓને ઉજાગર કરી છે

# NEET-UGમાં કોઈ પ્રણાલીગત ઉલ્લંઘન નથી : સુપ્રીમ

**અગાઉ સુપ્રીમે નીટ-યુજીને રદ કરી ફરીથી પરીક્ષાની માંગ ફગાવી દીધી હતી**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨

સુપ્રીમ કોર્ટે કહ્યું કે નીટ યુજી ૨૦૨૪ પેપરમાં કોઈ પ્રણાલીગત ઉલ્લંઘન નથી. લીક માત્ર પટના અને હજારીબાગ પૂરતું મર્યાદિત હતું. સુપ્રીમ કોર્ટે તેના નિર્ણયમાં જણાવ્યું હતું કે કેન્દ્ર દ્વારા રચવામાં આવેલી સમિતિ પરીક્ષા પ્રણાલીની સાયબર સુરક્ષામાં સંભવિત નબળાઈઓને ઓળખવા, પરીક્ષા કેન્દ્રોના સીસીટીવી સર્વેલન્સ માટે સ્ક્રુટિની વધારવાની પ્રક્રિયા, તકનીકી પ્રગતિને ઓળખવા માટે એસઓપી તૈયાર કરવા પર પણ વિચાર કરશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેના ચુકાદામાં તેણે એનટીએની માળખાકીય પ્રક્રિયામાં રહેલી તમામ ખામીઓને ઉજાગર કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે વિદ્યાર્થીઓના ભલા માટે આવું ન થવા દઈએ. તેથી, જે મુદ્દાઓ ઉભા થયા છે તે આ વર્ષે કેન્દ્ર દ્વારા સુધારવા જોઈએ, જેથી ફરીથી આવું ન થાય.

અગાઉ, ૨૩ જુલાઈના રોજ, સુપ્રીમ કોર્ટે વિવાદાસ્પદ નીટ યુજી ૨૦૨૪ને રદ કરવાની અને ફરીથી પરીક્ષાની માંગ કરતી અરજીઓને ફગાવી દીધી હતી. ત્યારે કોર્ટે કહ્યું હતું કે રેકોર્ડ પર એવો કોઈ ડેટા નથી કે જે પ્રશ્નપત્રના વ્યવસ્થિત લીક અને અન્ય અનિયમિતતા દર્શાવે છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બેંચે કેન્દ્ર અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) તરફથી હાજર




રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા અને વરિષ્ઠ વકીલ નરેન્દ્ર હુડ્ડા, સંજય હેગડે અને મેથ્યુસ નેદુમપરા સહિતના વકીલોની લગભગ ચાર દિવસ સુધી દલીલો સાંભળી હતી.

અગાઉ, નીટ યુજી પેપર લીક કેસમાં સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી પ્રથમ ચાર્જશીટમાં ઉમેદવારો તેમજ ઉમેદવારોના માતા-પિતા, એન્જિનિયર અને પેપર લીકના નેતાઓના નામ સામેલ છે. સીબીઆઈએ એમ પણ કહ્યું કે હજુ તપાસ ચાલી રહી છે અને આ કેસમાં પૂરક ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવશે. પ્રથમ ચાર્જશીટમાં ચાર નીટ ઉમેદવારો, એક જુનિયર એન્જિનિયર અને બે નેતાઓ સહિત ૧૩ આરોપીઓના નામ છે.

નોંધનીય છે કે તાજેતરમાં મેડિકલમાં પ્રવેશ માટે લેવાયેલી NEET પરીક્ષામાં કથિત પેપર લીકને લઈને દેશમાં ભારે હોબાળો થયો હતો અને મોટી સંખ્યામાં લોકોએ NEET પ્રવેશ પરીક્ષા ફરીથી યોજવાની માંગ કરી હતી. વિપક્ષ પણ આ મુદ્દે સરકાર પર પ્રહારો કરી રહ્યા હતા અને NEET પરીક્ષા ફરીથી યોજવાની માંગ કરી રહ્યા હતા. આ મામલો સર્વોચ્ચ અદાલતમાં ગયો અને સર્વોચ્ચ અદાલતે સ્વીકાર્યું કે પરીક્ષા દરમિયાન કોઈ પદ્ધતિસરની ક્ષતિઓ ન હતી અને ફરીથી પરીક્ષા લેવાનો ઈનકાર કર્યો હતો.

નીટ યુજી પેપર લીક કેસમાં સીબીઆઈએ છ એફઆઈઆર નોંધી છે. પટના પોલીસે પહેલા ૫ મેના રોજ નીટ પ્રવેશ પરીક્ષામાં છેડછાડના આરોપમાં કેસ નોંધ્યો હતો, જે બાદમાં ૨૩ જૂને સીબીઆઈને સોંપવામાં આવ્યો હતો. ૫ મી મેના રોજ લેવાયેલી નીટની પરીક્ષામાં દેશભરના ૨૩ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નીટ કેસમાં અત્યાર સુધીમાં ૪૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાંથી ૧૫ આરોપી બિહાર પોલીસે પકડ્યા છે અને અત્યાર સુધીમાં આ કેસમાં ૫૮ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

# વાયનાડમાં ભૂસ્ખલનને કારણે મૃતકોની સંખ્યા ૩૦૦ને પાર પહોંચી, ૨૫૦થી વધુ લોકો ગુમ

(એ.આર.એલ),વાયનાડ,તા.૨

વાયનાડમાં ભૂસ્ખલનને કારણે મૃતકોની સંખ્યા વધીને ૩૦૦ થઈ ગઈ છે. હાલમાં લગભગ ૨૫૦ લોકો ગુમ થયાના અહેવાલ છે. રાહત અને બચાવ કાર્યકર્તાઓ હાલમાં કાટમાળમાં બચી ગયેલા લોકો અને મૃતદેહોને શોધવામાં વ્યસ્ત છે, જેના કારણે આ સંખ્યા હજુ વધી શકે છે. જો કે સત્તાવાર રીતે માત્ર ૧૭૭ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. ભૂસ્ખલનથી મુંડક્કાઈ, ચુરામાલા, અટ્ટમાલા અને નૂલપ્પુઝા ગામમાં ભારે વિનાશ થયો હતો. કેટલા લોકોને અસર થઈ છે તેનો અંદાજ



લગાવવો હાલ વહીવટીતંત્ર માટે મુશ્કેલ છે. "અમે એક બિલ્ડિંગની છત પર ઉભા હતા," મુંડક્કાઈમાં રેસ્ક્યુ ટીમના એક સભ્યએ કહ્યું. નીચેથી આવતી ગંધ સૂચવે છે કે મૃતદેહો ત્યાં દટાયેલા છે. ઈમારત સંપૂર્ણપણે માટી અને ઉખડી ગયેલા વૃક્ષો નીચે દટાઈ ગઈ છે.

રાજ્યના મહેસૂલ મંત્રી કે. રાજને અહીં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારો અને ચલિયાર નદીમાંથી ઘણા માનવ શરીરના અંગો મળી આવ્યા છે. મૃતકોની ઓળખ કરવા માટે આનુવંશિક પરીક્ષણ કરવાની જરૂર પડશે. મંત્રીએ જણાવ્યું હતું કે, વિવિધ એજન્સીઓ અને સશસ્ત્ર દળોના ૧,૩૦૦ કર્મચારીઓએ ભારે મશીનરીની મદદ વિના, વરસાદ, પવન અને મુશ્કેલ પ્રદેશનો સામનો કરીને આ વિસ્તારમાં સંયુક્ત શોધ અને બચાવ કામગીરી હાથ ધરી હતી. "હવે બેઈલી બ્રિજ બનાવવામાં આવ્યો છે અને અમે શોધ અને બચાવ કામગીરીમાં મદદ કરવા માટે ભારે મશીનરી મોકલવા સક્ષમ છીએ," તેમણે કહ્યું. રાજન અનુસાર, જિલ્લાના ૯,૩૨૮ લોકોને ૯૧ રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા છે.

### પુલવામાના પમ્પોરમાં વાદળ ફાટવાના કારણે મકાનોમાં પાણી ભરાયા

# જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદને કારણે નદી-નાળા છલકાયા : વૈષ્ણોદેવીમાં હેલિકોપ્ટર સેવાને અસર

(એ.આર.એલ), જમ્મુ,તા.૨

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન હળવોથી ભારે વરસાદ નોંધાયો હતો. વહેલી સવારે જમ્મુ અને શ્રીનગર સહિત અનેક જિલ્લાઓમાં વરસાદને કારણે નદીઓ અને નાળાઓ ઉભરાઈ ગયા હતા. પુલવામાના પમ્પોરમાં વાદળ ફાટવાના કારણે એક મકાનમાં પાણી ભરાઈ ગયા હતા, જોકે કોઈ નુકસાન થયું ન હતું. જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે રામબનના હિંગનીમાં સવારે ૮ વાગ્યે પથ્થરો પડવાને કારણે એક કલાક સુધી બંધ રહ્યો હતો. વૈષ્ણોદેવીમાં હેલિકોપ્ટર સેવા દિવસભર બંધ રહી હતી. જમ્મુમાં વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. શહેરના ભથિંડી વિસ્તારમાં બે મકાનો ધરાશાયી થયા છે. કિશ્તવાડ સહિત રાજ્યની તમામ નદીઓ અને નાળાઓના જળસ્તરમાં વધારો થયો છે. વહીવટીતંત્રે લોકોને નદીઓ અને નાળાઓથી દૂર રહેવાની સલાહ આપી છે. રાજોરીમાં સવારથી બપોર સુધી ભારે વરસાદ પડ્યો



હતો. રિયાસી, સાંબા, કઠુઆ, પૂંચ, ડોડા, શ્રીનગરમાં પણ વરસાદ નોંધાયો છે. રાજોરી, સાંબા અને પૂંચમાં વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ભરાવાને કારણે જિલ્લા મુખ્યાલયથી ઘણા ગામડાઓ કપાઈ ગયા હતા. બુધલ, ગબ્બર, કોતરકા ખવાસ, ધલેરી, બદલ તરફ જતા લિંક રોડ પર વાહનવ્યવહાર થંભી ગયો હતો. કેટલાક ગામોમાં મકાનોને નુકસાન થયાના અહેવાલ છે. સાંબામાં રાત્રે ૧ વાગ્યાથી શરૂ થયેલો વરસાદ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. પૂંચ જિલ્લામાં સવારે ૯ વાગ્યે શરૂ થયેલો વરસાદ બપોરે ૧૨ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. કોઈ નુકસાનના અહેવાલ નથી. વરસાદના કારણે ખેડૂતોના ચહેરા પર ચમક આવી ગઈ હતી. સિંચાઈ માટે પાણીની જરૂરિયાત પૂરી થઈ છે.

**ચૂંટણી બોન્ડ યોજનાને સુપ્રીમ કોર્ટે આ વર્ષે ફેબ્રુઆરીમાં રદ કરી દીધી હતી**

# ચૂંટણી બોન્ડ યોજનામાં કોર્ટ નિરીક્ષણની તપાસની માંગ ફગાવતી સુપ્રીમ કોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨

સુપ્રીમ કોર્ટે શુક્રવારે ચૂંટણી બોન્ડ યોજનામાં કોર્ટ-નિરીક્ષણની તપાસની માંગ કરતી અનેક અરજીઓને ફગાવી દીધી હતી. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડ અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની ખંડપીઠે કહ્યું કે બંધારણની કલમ ૩૨ હેઠળ આ તબક્કે દખલગીરી અયોગ્ય અને અકાળ કાર્યવાહી હશે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે તે ચૂંટણી બોન્ડની ખરીદીની તપાસનો આદેશ આપી શકે નહીં કે તે ધારણા પર કે તે કોન્ટ્રાક્ટ આપવા માટે એક પ્રકારનો વ્યવહાર હતો. તમને જણાવી દઈએ કે ચૂંટણી બોન્ડ યોજનાને સુપ્રીમ કોર્ટે આ વર્ષે ફેબ્રુઆરીમાં રદ કરી દીધી હતી. અરજીઓને ફગાવી દેતા બેન્ચે કહ્યું, 'કોર્ટે ચૂંટણી બોન્ડને પડકારતી અરજીઓ પર વિચાર કર્યો કારણ કે તેમાં ન્યાયિક સમીક્ષાનું પાસું હતું. પરંતુ જ્યારે કાયદા હેઠળ ઉપાયો ઉપલબ્ધ હોય ત્યારે ફોજદારી અનિયમિતતા ધરાવતા કેસોને કલમ ૩૨ હેઠળ લાવવામાં ન આવે.' બંને એનજીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલમાં આ યોજનાની આડમાં રાજકીય પક્ષો, કોર્પોરેશનો અને તપાસ એજન્સીઓ વચ્ચે



સ્પષ્ટ સાંઠગાંઠનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે બંને એનજીઓ અને પીઆઈએલમાં રાજકીય પક્ષો અને કંપનીઓ વચ્ચે 'સ્પષ્ટ ડીલિંગ'ના આરોપો લગાવવામાં આવ્યા હતા. ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમને 'કૌભાંડ' ગણાવતા, અરજીમાં સત્તાવાળાઓને વિવિધ રાજકીય પક્ષોને દાન આપતી 'શેલ કંપનીઓ અને ખોટ કરતી કંપનીઓ'ના ભંડોળના સ્ત્રોતની તપાસ કરવા માટે નિર્દેશની માંગ કરવામાં આવી હતી. પાંચ સભ્યોની બંધારણીય બેન્ચે ૧૫ ફેબ્રુઆરીએ 'ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ'ને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ચૂંટણી પંચ સાથે ડેટા શેર કર્યો હતો, જે બાદમાં પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચે કહ્યું કે બંધારણની કલમ ૩૨ હેઠળ આ તબક્કે દખલગીરી અયોગ્ય અને બાલિશ હશે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે તે કરાર પરસ્પર લાભ પર આધારિત હોવાની ધારણા પર ચૂંટણી બોન્ડની ખરીદીની તપાસનો આદેશ આપી શકે નહીં.












વન વિભાગની ભરતી પ્રક્રિયા સામે વિદ્યાર્થીઓનો વિરોધ

# ધારી ખાતે ફોરેસ્ટ બીટગાર્ડ પરીક્ષામાં ગોટાળા મુદ્દે મામલતદારને આવેદનપત્ર

અમરેલી, તા.૨

વન વિભાગની ફોરેસ્ટર ભરતી પ્રક્રિયામાં અપનાવવામાં આવેલી પદ્ધતિ સામે વિદ્યાર્થીઓએ વિરોધ નોંધાવ્યો છે. ધારી તાલુકાના ૩૦થી ૩૫ વિદ્યાર્થીઓએ આવેદનપત્ર આપીને પોતાની માગણીઓ રજૂ કરી છે. વિદ્યાર્થીઓની મુખ્ય માગણી છે કે, પસંદ થયેલા ઉમેદવારોના માર્ક્સની ટકાવારી જાહેર કરવામાં આવે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા CBRT (કોમ્પ્યુટર બેઝ્ડ રિક્રુટમેન્ટ ટેસ્ટ) પદ્ધતિ બંધ કરવામાં આવે. દરેક ઉમેદવારના નામ સાથે તેમની ટકાવારી જોડવામાં આવે. નોર્મલાઈઝેશન મેથડ પહેલાંના અને પછીના માર્ક્સ જાહેર કરવામાં આવે. ઓફલાઈન મોડથી પરીક્ષાનું આયોજન કરવામાં આવે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે CBRT પદ્ધતિ નિષ્ફળ સાબિત થઈ છે અને તેનાથી મહેનતુ વિદ્યાર્થીઓને નુકસાન થયું છે. તેમણે GPSC અને પોલીસ ભરતી બોર્ડની જેમ પારદર્શક પ્રક્રિયાની માંગ કરી છે.


તસવીર : સંજય વાળા

# સાવરકુંડલામાં નાવલી નદીમાં ગંદકીના ગંજથી શહેરીજનો ત્રસ્ત

સાવરકુંડલા,તા.૨

**મચ્છરજન્ય રોગચાળાએ માઝા મૂકી છે, તંત્રનું ભેદી મૌન**

સાવરકુંડલામાં આવેલી નાવલી નદી જાણે ગટરગંગા બની હોય તેવુ લાગી રહ્યુ છે. ચોમાસા દરમિયાન નદીમાં બેફામ ગંદકી જોવા મળતી હોવાથી શહેરીજનો ત્રસ્ત બન્યા છે. અમરેલી જિલ્લાનું આરોગ્ય વિભાગ મચ્છરજન્ય રોગચાળાને અટકાવવા માર્ગદર્શિકા બહાર પાડે છે જયારે સાવરકુંડલાનું સ્થાનિક તંત્ર મચ્છરજન્ય રોગચાળાને ઈજન આપી રહ્યુ છે. નાવલી નદીમાં શાકભાજી લેવા મોટી સંખ્યામાં લોકો આવે છે ત્યારે શહેરીજનો પર રોગચાળાનો ખતરો મંડરાઈ રહ્યો છે. જયારે સૌથી વધુ કફોડી સ્થિતિ શાકભાજી વેચનારાઓની છે. આમ, તંત્રની બેદરકારીથી નાવલી નદીમાં ગંદકીના ગંજ ખડકાતા શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે.


તસવીર : સૌરભ દોશી

# ચરખાથી સીમરણ નોન પ્લાન રસ્તાની લંબાઈ પૂરી કરવા ધારાસભ્ય જે.વી. કાકડીયાને રજૂઆત

સાવરકુંડલા, તા.૨



ધારી તાલુકાના નવા ચરખાથી સીમરણ નોન પ્લાન રસ્તાની ઘટતી લંબાઈ પુરી કરવા સીમરણના પૂર્વ ઉપસરપંચ ભરતભાઈ ચોડવડીયાએ ધારી બગસરા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયાને રજૂઆત કરી છે. તેમણે તેની રજૂઆતમાં જણાવ્યું હતું કે ધારી તાલુકાના નવા ચરખાથી સાવરકુંડલા તાલુકાના સીમરણ સુધી નોન પ્લાન રસ્તો મંજૂર થયેલ છે અને આ રસ્તા પર સીમરણ ગામની જુની શેલ નદી સુધી ડામર કામ પણ પૂર્ણ થઈ ગયેલ છે. પરંતુ જુની શેલ નદીથી સીમરણ, સાવરકુંડલા અમરેલી નેશનલ રોડ સુધીનું ૧.૮ કિ.મીનું ડામર કામ અધુરુ રહી ગયેલ છે. આ નોન પ્લાન રોડની ઘટતી લંબાઈ પૂર્ણ કરવી ખૂબ જ જરૂરી છે. આ રોડ ધારી અને સાવરકુંડલા એમ બે તાલુકાને જોડતો હોય ધારાસભ્ય જે.વી. કાકડિયાને તે અંગે તેમની કક્ષાએથી તાત્કાલિક નવા ચરખા સીમરણ નોન પ્લાન રસ્તાની જે ૧.૮ કિ.મી લંબાઈ ઘટે છે તે મંજૂર કરાવવા નમ્ર વિનંતી સાથે માંગણી કરી છે .

# અમરેલીમાં કોર્ટના પાર્કિંગમાંથી બાઈકની ચોરી થતા ફરિયાદ

અમરેલી, તા.૨

ગાવડકા ગામે રહેતા એક વ્યક્તિ કોર્ટની મુદત હોવાથી અમરેલી કોર્ટમાં આવ્યો હતો. અહીં બાઈક પાર્ક કરીને ગયો હતો, જે બાદ ત્યાંથી પરત આવ્યો ત્યારે બાઈક નહોતું. આ અંગે ગાવડકા ગામે રહેતા ચંદુભાઈ બાબુભાઈ કંબોયા (ઉ.વ.૩૧)એ જાહેર કર્યા મુજબ, તેઓ અઠવાડિયા પહેલા અમરેલી કોર્ટમાં મુદત હોવાથી આવ્યા હતા.

કોર્ટના પાર્કિંગમાં તેમણે પાર્ક કરેલી બાઈકની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બાઈકની કિંમત ૨૫૦૦૦ જાહેર થઈ હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એચ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# વિજપડીમાં ૧૧૭મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો

વિજપડી, તા.૨



વિજપડી માધવ સેવા ટ્રસ્ટ દ્વારા રણછોડદાસ હોસ્પિટલ રાજકોટના સહયોગથી ૧૧૭ મા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પના મુખ્ય દાતા સ્વ. કાનજીભાઈ ગોવીંદભાઈ ગુર્જર હતા. કેમ્પનું ઉદ્‌ઘાટન જગદીશભાઈ ગુર્જર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રાજકોટના નિષ્ણાતો દ્વારા ૭૫ દર્દીઓની આંખની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૧૮ દર્દીઓને ઓપરેશનની જરૂર પડી હતી. આ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓને સંવાહન સેવા પણ પૂરી પાડવામાં આવી હતી. તેમજ કેમ્પમાં આવતા તમામ દર્દીઓને ચા, પાણી અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ તમામ ખર્ચ સ્વ. કાનજીભાઈ ગોવીંદભાઈ ગુર્જર અને જગદીશભાઈ ગુર્જર દ્વારા કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં વિજપડી અને આસપાસના ગામડાઓના લોકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ કેમ્પને સફળ બનાવવામાં ગામના વડીલો, વેપારીઓ, સેવા ટ્રસ્ટના સભ્યો અને પત્રકારોએ પૂરો સહકાર આપ્યો હતો.

# તાલુકા કક્ષાની સ્વતંત્રતા દિવસની ઉજવણી નાના રાજકોટ ખાતે થશે

લાઠી, તા.૨

લાઠીના નાના રાજકોટ પ્રાથમિક શાળામાં સ્વતંત્રતા દિવસ ૨૦૨૪ની તાલુકા કક્ષાની ઉજવણી થશે. આ મિટિંગમાં ચર્ચા વિચારણા કરવા પ્રાંત કચેરી ખાતે મિટિંગ રાખી છે. જેમાં ઉપસ્થિત રહેવા લાઠી મામલતદાર દ્વારા જણાવાયું છે.

ગજેરા કેમ્પસમાં રમતગમત અને ઈતર પ્રવૃત્તિઓને નિરંતર પ્રોત્સાહન અપાય છે

# ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓની એસ.જી.એફ.આઈ ચેસ ટૂર્નામેન્ટમાં રાજ્યસ્તરે પસંદગી

અમરેલી,તા.૨



**સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા અને મંત્રી તેમજ સ્ટાફગણે શુભેચ્છા પાઠવી**

અમરેલીમાં આવેલ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તથા જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ તેમજ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના વિદ્યાર્થીઓ ચેસ રમતમાં કોચના માર્ગદર્શન હેઠળ પ્રશિક્ષણ મેળવી રહ્યા છે અને તેમના માર્ગદર્શન હેઠળ અમરેલી તાલુકા કક્ષા સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત ચેસ ટૂર્નામેન્ટમાં રાજ્ય લેવલે પસંદગી થયેલ છે. જેમાં વેકરીયા ધાર્મિક, ગોસાઈ ચાર્મી, ખેર મિતવા, જાદવ સંજના, બારૈયા રાજદીપ અને બેહરા રુદ્રનારાયણ નામના વિદ્યાર્થીઓની ચેસ રમતમાં રાજ્ય લેવલે પસંદગી થયેલ છે. સારામાં સારુ કૌશલ્ય ધરાવતા હોય અને આગળ વધે તેવા જ વિદ્યાર્થીઓની રાજ્ય કક્ષાએ પસંદગી થાય છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી તેમજ શાળાના આચાર્ય અને સ્ટાફગણ દ્વારા વિદ્યાર્થીઓને રાજ્યકક્ષાએ પણ આવી જ રીતે અવિરત દબદબો કાયમ રાખે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# વડીયામાં હડકાયા કૂતરાએ ૧૫ થી વધુ લોકોને બચકા ભર્યાં

વડીયા, તા.૨

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક વડીયામાં એક રખડતું કૂતરું હડકાયું થતા સમગ્ર ગામમાં ભયનો માહોલ છવાયો હતો. બપોરથી સાંજ સુધીમાં હડકાયા કૂતરાએ પંદરથી વધુ લોકોને પોતાના શિકાર બનાવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ, વેપારીઓ, સ્થાનિક લોકો અને પોલીસ કર્મચારી પણ હડકાયા કૂતરાનો ભોગ બન્યા હતા. આ ભોગ બનનાર લોકો હડકવાની રસીના ઈન્જેકશન લેવા માટે વડીયા સિવિલ હોસ્પિટલમાં જતા અહીં આ પ્રકારની રસીના ઈન્જેકશન ઉપલબ્ધ ના હોવાથી ભોગ બનેલા લોકો જેતપુર ખાનગી હોસ્પિટલોમાં નાણાં ખર્ચ કરીને ઈન્જેકશન લેવા મજબુર બન્યા હતા.

# મોબાઈલ ફોન ચોરીના બે આરોપીને ઝડપી પાડતી લીલીયા પોલીસ

અમરેલી,તા.૨



અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સલડી ગામના ધારાબેન રાહુલભાઈ પટેલનો એપલ કંપનીનો આઈફોન ૧૩ પ્રો મોબાઈલ કિં.રૂ. ૫૦ હજારની કોઈ ઈસમ ચોરી કરીને ફરાર થઈ જતા તેમણે આ અંગે ઈ- એફઆઈઆર નોંધાવી હતી. જેના આધારે લીલીયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ બાતમી આધારે બે શકમંદ ઈસમોને ટેકનીકલ અને હ્યુમન સોર્સના આધારે ઝડપી અને ચોરીમાં ગયેલ મોબાઈલ કબજે કરવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપી ચેતનભાઈ પ્રકાશભાઈ રાઠોડ રહે. મુંબઈ હાલ રોકડીયાપરા અને આશીષભાઈ ઉર્ફે નાનો રાજેશભાઈ થળેસા રહે. અમરેલી રોકડીયાપરા પ્રા.શાળા પાસે બંને વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી.

# વડીયામાં "નારીવંદના ઉત્સવ" યોજાયો: સરકારી યોજનાઓની માહિતી અપાઈ

અમરેલી, તા.૨

અમરેલી જિલ્લાના વડીયા તાલુકામાં ગુરુવારે "નારી વંદના ઉત્સવ" નામનો એક મહત્વપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા મહિલા બાળ વિકાસ અધિકારી મનીષાબેન મુલતાનીએ મહિલાઓના અધિકારો, સામાજિક સ્થિતિ અને સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. તેમણે નારી સન્માન પર પણ ભાર મૂક્યો હતો. કાર્યક્રમના એક ભાગ રૂપે કાનૂની શિક્ષણ શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વરિષ્ઠ મહિલા વકીલ જયશ્રીબેન પારેખે મહિલાઓને લગતા કાયદાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા, જેમાં જિલ્લા ભાજપ મહિલા મોરચાના મંત્રી રમાબેન, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકા પંચાયત પ્રમુખ પરષોત્તમભાઈ હિરપરા, વડીયા સરપંચ મનીષભાઈ ઢોલરીયા અને પૂર્વ સરપંચ છગનભાઈ ઢોલરીયા સામેલ થયા હતા.



તસવીર : કીરીટ જોટવા









# સાવરકુંડલામાં યુવાનોએ CBRT પરીક્ષા પદ્ધતિ સામે આવેદનપત્ર આપ્યું

અમરેલી, તા.૨

ગુરુવારે અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં મોટી સંખ્યામાં યુવાનોએ મામલતદાર કચેરી ખાતે એકત્રિત થઈ CBRT (કોમ્પ્યુટર બેઝ્ડ રિક્રુટમેન્ટ ટેસ્ટ) પદ્ધતિ સામે આવેદનપત્ર આપ્યું હતું. યુવા અધિકાર ન્યાય ચળવળના નેતૃત્વ હેઠળ આ આવેદનપત્રમાં CBRT પદ્ધતિની અનેક ખામીઓ તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં


તસવીર : સૌરભ દોશી

જણાવાયું હતું કે છેલ્લા કેટલાક સમયથી ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ સરકારી ભરતીઓ CBRT પદ્ધતિથી લેવાઈ રહી છે. આ પદ્ધતિને શરૂઆતમાં વિશ્વસનીય અને પારદર્શક ગણાવવામાં આવી હતી, પરંતુ છેલ્લે લેવાયેલી પરીક્ષાઓમાં અનેક છબરડાઓ સામે આવ્યા છે. આવેદનપત્રમાં ઉલ્લેખ કરાયો હતો કે TCS જેવી ખાનગી એજન્સીઓને સોંપવામાં આવતા કામમાં ગુજરાતી ભાષાનો પૂરતો અનુભવ ન હોવાને કારણે ભાષાંતરમાં ગંભીર ભૂલો થાય છે. વળી, ગૂગલ ટ્રાન્સલેશન જેવા સાધનોનો ઉપયોગ યોગ્ય ભાવાનુવાદને બદલે અર્થનો અનર્થ કરે છે. નોર્મલાઈઝેશન પદ્ધતિને પણ નુકસાનકારક ગણાવી હતી.

# બગસરા એસ.ટી. ડેપોની મનમાની: અનેક રૂટ બંધ થતાં મુસાફરો પરેશાન

બગસરા, તા.૨

બગસરા એસ.ટી. ડેપોના અધિકારીઓની કથિત મનમાનીને કારણે અનેક મહત્વના બસ રૂટ બંધ કરી દેવાતા મુસાફરો હેરાન-પરેશાન થઈ ગયા છે. ખાસ કરીને વહેલી સવારે ઉપડતી બગસરા-રાજકોટ અને બગસરા-જૂનાગઢ જેવી લોકપ્રિય બસ સેવાઓ અચાનક બંધ કરી દેવામાં આવી છે. ડેપો અધિકારીઓ સ્ટાફની અછતનું કારણ આગળ ધરી રહ્યા છે, પરંતુ મુસાફરોનું કહેવું છે કે આ બસ સેવાઓ લાંબા સમયથી નફાકારક રીતે ચાલી રહી હતી. પૂછપરછ કાઉન્ટર પર મુસાફરોને માત્ર એટલું જ કહેવામાં આવે છે કે "સ્ટાફ નથી, બસો બંધ છે. જો જવું હોય તો બીજી કોઈ બસ કે ખાનગી વાહનમાં


તસવીર : હાર્દિક બામટા

જાઓ." આ પરિસ્થિતિથી ખાસ કરીને તબીબી સારવાર કે અન્ય અગત્યના કામ માટે રાજકોટ કે જૂનાગઢ જતા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા લોકો સમયસર પહોંચી શકતા નથી અને પરત ફરવામાં પણ મોડું થઈ રહ્યું છે. સ્થાનિક રહેવાસીઓનું કહેવું છે કે એક તરફ ડેપોની અન્ય કામગીરી માટે સ્ટાફ ઉપલબ્ધ છે, તો પછી આ મહત્વના રૂટ શા માટે બંધ કરવામાં આવ્યા છે? મુસાફરો અને સ્થાનિક લોકોએ તાત્કાલિક આ બંધ કરાયેલા રૂટ ફરી શરૂ કરવાની માંગ કરી છે.

# સાવરકુંડલા વોર્ડ નં.૩માં પેવીંગ બ્લોકનું કામ શરૂ થતા આનંદ



અમરેલી,તા.૨

સાવરકુંડલાના વોર્ડ નં.૩માં રોડ બનાવવા માટે વિસ્તારવાસીઓની રજૂઆત નગરપાલિકાએ ધ્યાને લીધી છે. વોર્ડ નં.૩માં પાલિકા દ્વારા પેવીંગ બ્લોકની કામગીરી શરૂ કરવામાં આવતા વિસ્તારવાસીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

# વૃક્ષારોપણ અભિયાન અન્વયે નિત્યમ વિદ્યા સંકુલમાં ૧૪૦૦થી વધુ વૃક્ષો રોપાયા

અમરેલી, તા.૨

અમરેલીના નિત્યમ વિદ્યા સંકુલમાં એક ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. નિત્યમ વિદ્યા સંકુલના ફાઉન્ડર અને ચેરમેન હસમુખ પટેલના નેતૃત્વમાં



આ નવનિર્મિત શૈક્ષણિક સંકુલમાં ૧૪૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીઓ પ્રવીણભાઈ વસરા, હરેશભાઈ દેસાઈ, જીગ્નેશભાઈ કયાડા, પીયૂષભાઈ ગોહિલ, ભાવેશભાઈ ગજેરા અને મગનભાઈ વસોયા ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના આચાર્ય, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ પણ વૃક્ષારોપણમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ આ વૃક્ષોનું જતન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ બગસરા ખાતે યોજાશે

બગસરા, તા.૨

દેશમાં ૭૮મો સ્વાતંત્ર્ય પર્વ ઉજવવાની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી રહી છે. રાજયમાં પણ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવા માટે અધિકારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. જેમાં આ વખતે ૭૮મો સ્વાતંત્ર્ય પર્વ અમરેલી જિલ્લાના બગસરા મુકામે યોજવામાં આવશે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી બગસરા ખાતે કરવામાં આવનાર હોવાથી આજરોજ જિલ્લા કલેકટર અજય દહીયા, મામલતદાર ઝાલા સહિતના અધિકારીઓએ મેઘાણી હાઈસ્કૂલના પટાંગણની મુલાકાત લીધી હતી. જેથી સંભવતઃ જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી મેઘાણી હાઈસ્કૂલના પટાંગણમાં યોજવામાં આવશે. વર્ષો પછી ફરી એકવાર બગસરા ખાતે જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થનાર હોય ત્યારે બગસરાના વહીવટી તંત્રમાં પણ થનગનાટ જોવા મળી રહ્યો છે.

# લીલીયા મોટામાં નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

લીલીયા, તા.૨

ગુરુવારે શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના પરિસરમાં દસમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી), સુદર્શન નેત્રાલય અમરેલી અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર



મુંબઈના સહયોગથી યોજાયો હતો. કેમ્પનું ઉદ્ઘાટન મંદિર ટ્રસ્ટના ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડિયાએ કર્યું હતું. તેમણે લાયન્સ કલબની અંધત્વ નિવારણ અંગેની કામગીરીને બિરદાવી હતી અને વધુ લોકોને કેમ્પનો લાભ લેવા અપીલ કરી હતી. નિષ્ણાત ડૉ. દર્શિતભાઈ ગોસાઈ અને તેમની ટીમે વિવિધ આંખના રોગોની તપાસ કરી હતી. કુલ ૬૮ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો, જેમાંથી ૯ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, દર્દીઓના બ્લડ પ્રેશર અને બ્લડ સુગરની તપાસ પણ કરવામાં આવી હતી.

# લીલીયા કન્યાશાળાની વિદ્યાર્થિનીઓને પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવાઈ

અમરેલી,તા.૨

લીલીયા કન્યા શાળાની ધોરણ ૬ થી ૮ ની કુલ ૧૪૬ વિદ્યાર્થિનીઓ દ્વારા પોલીસ સ્ટેશનની મુલાકાત લેવામાં આવી હતી. સહઅભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે સામાજિક વિજ્ઞાનના શિક્ષક દ્વારા પોલીસ સ્ટેશનની મુલાકાતનું આયોજન કરવામાં આવેલ. મુલાકાત દરમિયાન પી. એસ. આઈ. એસ.આર.ગોહિલ



દ્વારા ટ્રાફિક તથા સાઈબર ક્રાઈમ વિશે તેમજ પોલીસ સ્ટેશનના માળખા અને ચાલતી પ્રક્રિયાથી વિદ્યાર્થિનીઓને મહિતગાર કરાઈ હતી. આ ઉપરાંત પી.એસ.ઓ. એલ.એન.શ્રીમાળી દ્વારા વિદ્યાર્થિનીઓને એફ.આઈ.આર, જામીન પ્રક્રિયા, ચાર્જશીટ વગેરે પ્રક્રિયાનું માર્ગદર્શન તથા પો.કો. દીપકભાઈ દ્વારા ઈન્સાસ રાઈફલ, કાર્બાઈન, ગેસ ગન વગેરે હથિયારો વિશે સમજ આપવામાં આવી હતી. અસ્મિતાબેન ચુડાસમા દ્વારા સુરક્ષાસેતુ અંતર્ગત ચાલતા એસ.પી.સી. પ્રોજેક્ટની માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા પણ પોલીસ દ્વારા કરવામાં આવી હતી.

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ. જમનાદાસ નારણભાઈ વડાલીયા તા. ૦૧/૦૮/૨૦૨૪ના રોજ રામચરણ પામેલ છે. તે રીટાબેનના પતિ તથા ધારા સંકેત ચનિયારા, માનસી નિમિત ચનિયારાના પિતા થાય અને દેવદાસભાઈ, રસિકભાઈના ભાઈ થાય છે.

**કોડીનાર**

સ્વ. કારિયા મહેશકુમાર વ્રજલાલ (ઉ.વ.૬૨)નું તા.૨૯ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ. ગોરધનભાઈ નાગજીભાઈ સુચકના જમાઈ તેમજ સ્વ. ભરતભાઈ, અરવિંદભાઈ (પત્રકાર), હસુભાઈ અને કિરીટભાઈ (જૂનાગઢ)ના બનેવી થાય છે. તેમની સાદડી તા.૩/૮ના રોજ સાંજે ૪થી ૬ કલાકે લોહાણા મહાજન વાડી, જીન પ્લોટ, કોડીનાર ખાતે રાખેલ છે.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી






વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com



## જાહેર નોટિસ

આથી હું અમીત પી. ચોવટીયા(એડવોકેટ) અમારા અસીલની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટિસ આપવામાં આવે છે કે, અમારા અસીલ નીચેના પરીશીષ્ટમાં દર્શાવેલ મિલ્કત ખેતીની જમીન ખરીદ કરવા માંગે છે અને તેના માલીક **પ્રતાપભાઈ જયવંતભાઈ ડેર,** રહે.મું.રાજકોટ, ઠે. પુજા પાર્ક-૭૫, બજરંગવાડી-૧૨, જામનગર રોડ, ભોમેશ્વર પ્લોટ, રાજકોટ વાળા પાસેથી વેચાણ રાખવા માંગણી કરેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે, કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ,બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે, સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે, આ મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે **દિન-૭(સાત)**માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા તો રજી. એડીથી જાણ કરવી. **દિન--૭ (સાત)** નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ જેથી લાગતા વળગતાએ સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે ઘુઘરાળા ગામના ખેડ ખાતા નં.૭૯૯ સ.નં.૩૪૪ પૈકી ૩૬ ની હે.આ.ચો.મી.૧-૬૧-૮૮ વાળી ખેતીની જમીન અમારા અસીલ ખરીદ કરવા માગે છે.**

**અમીત પી. ચોવટીયા** (એડવોકેટ)
મો.૯૯૧૩૬ ૪૧૧૬૭.
સરનામું : ઓફિસ નં.૧૦૧-૧૦૨, પહેલો માળ, ટ્રેડ સેન્ટર, મલય ઝેરોક્ષની સામે, સીવીલ હોસ્પીટલ રોડ, અમરેલી - ૩૬૫૬૦૧



ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Appointment Now Mo.8160832025
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1299/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ એમેઝોન પાર્કની બાજુમાં અમરેલી.



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 | ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

## સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ માટે જિલ્લામાં ૪૮ સેમિનારનું આયોજન કરાયું

# અમરેલી જિલ્લામાં ૧.૩૬ કરોડ રકમ પરત અપાવતી પોલીસ

**૨૦૨૩-૨૪ દરમિયાન ૨૧૧૭ જેટલી અરજીઓ મળી, રૂા.૫૪.૩૮ લાખ જેટલી રકમ પરત અપાવવાની કામગીરી ચાલુ**

અમરેલી,તા.૨

ગુજરાત પોલીસ દ્વારા સાયબર ક્રાઈમનો ભોગ બનેલા હજારો મધ્યમવર્ગીય લોકોની પીડાને ઘટાડવા માટે સરાહનીય પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સાયબર ક્રાઈમની તપાસમાં તેમના સહયોગના કારણે અગાઉ લોક થયેલા ૨૮૦૦૦ બેંક ખાતાઓને અનફ્રિઝ કરવામાં આવ્યા છે. અનેક પીડિતો ખોટી રીતે પેમેન્ટ સ્વીકારીને છેતરપિંડીનો ભોગ બન્યા હતા અથવા તો અજાણતા આ પ્રકારની યુક્તિઓમાં ફસાઈ ગયા હતા. ગત વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન અમરેલી જિલ્લાની કુલ ૨૧૧૭ અરજીઓમાં ખાતાઓમાં કુલ રૂા.૧,૯૦,૭૬,૬૭૨ ફ્રિઝ કરવામાં આવ્યા હતા. જેમાં ૧૪૫૨ અરજીઓમાં રૂા.૧,૩૬,૩૮,૪૫૫ જેટલી રકમ પરત અપાવીને ફ્રિઝ થયેલા ખાતાઓને અનફ્રિઝ કરવામાં આવ્યા હતા. હાલ, ૬૬૫ અરજીઓ રૂા.૫૪,૩૮,૪૫૫ જેટલી રકમ ફ્રિઝ થયેલી છે. જે પરત અપાવવાની કામગીરી હાલ ચાલુ છે. આમ, અમરેલી જિલ્લાની ગત વર્ષમાં કામગીરી ૬૮.૫૯% જેટલી રહેલી છે. અમરેલી જિલ્લા ખાતે સાયબર ક્રાઈમ જાગૃતિ અંગે જિલ્લામાં અલગ-અલગ જગ્યાએ ૪૮ જેટલા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૧૦,૩૧૦ જેટલા લોકો હાજર રહેલા હતા. ચાલુ વર્ષમાં ૨૨ જેટલા સાયબર જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૬૦૦ લોકો હાજર રહ્યાં હતા. સેમિનારમાં ૧૬૦૦૦ જેટલી સાયબર જાગૃતિ અંગેની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. પોલીસે એકાઉન્ટ ફ્રિઝ કરવા અંગેની તેમની પોલીસીમાં પણ સુધારો કર્યો છે. નવી પોલીસી અસરકારક રીતે ગુના નિવારણ અને નિર્દેશ પક્ષો પર નાણાકીય બોજ ઘટાડવા વચ્ચે સંતુલન જાળવવા માટેનું એક મહત્વપૂર્ણ પ્રથમ પગલુ છે. જે કુલ રકમને બદલે



ખાતાના એ ભાગને ફ્રિઝ કરે છે જે છેતરપિંડીથી અસરગ્રસ્ત હોય. હવે આખા એકાઉન્ટને બદલે માત્ર છેતરપિંડી સાથે સંકળાયેલી ચોક્કસ રકમને જ ફ્રિઝ કરશે.

### મધ્યમવર્ગીય લોકોને આર્થિક નુકસાન

મધ્યમવર્ગી લોકો સાયબર ક્રાઈમના લીધે આર્થિક રીતે પ્રભાવિત થયા હતા અને એકાઉન્ટ ફ્રિઝ થવાના કારણે તેઓ પોતાના ખાતામાં રહેલી રકમને મેળવવા માટે અસમર્થ હતા. હવે તેમના એકાઉન્ટ અનફ્રિઝ થઈ જવાને કારણે એટલે કે ખુલી જવાના કારણે તેઓએ મોટી રાહત અનુભવી છે. આ પગલુ એવા લોકો મોટ ખરેખર રાહતદાયક છે જેઓ મધ્યમવર્ગના છે અને મોટાભાગે રોજિંદા વ્યવહાર માટે તેમના બેન્ક ખાતાઓ પર આધાર રાખે છે.

### સાયબર ક્રાઈમથી બચવા પોલીસની માર્ગદર્શિકા

» ઓથેન્ટીક વેબસાઇટ ઉપરથી કસ્ટમર કેર નંબર કે હેલ્પલાઇન નંબર સર્ચ કરવાનું રાખવા અને ખોટા હેલ્પલાઇન નંબરોથી સાવધાન રહેવા અપીલ

» કોઇ પણ અજાણી વ્યક્તિનાં કહેવાથી કોઇ પણ પ્રકારની એપ્લીકેશન ડાઉનલોડ કે લીંક ઓપન નહી કરવી

» ફેસબુક, ઇન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા એપ્લીકેશનમાં કોઇ પણ અજાણી વ્યક્તિને મિત્ર બનાવવાનું ટાળવું.

» અજાણ્યા નંબરથી આવતા ફોન કોલ કે વીડિયો કોલ ઉપાડતા પહેલા વિચારવું

» પોતાના અંગત સગા-સંબંધી કે મિત્રનાં ખોટા નામે રૂપિયાની માંગણી કરતા ફોન કોલ કે મેસેજ કે સોશિયલ મીડિયા એપ્લીકેશનમાં કરેલ મેસેજને ધ્યાને ન લેવા.

» ફ્રી ગેમ એપ્લીકેશન, ફ્રી ગિફ્ટ, કેશ વાઉચરના નામે આવતી લીંકથી આપનો મોબાઈલ હેક થઈ શકે છે જેથી આ લીંક પર ક્લિક કરશો નહી.

» પોતાની અંગત માહિતી તેમજ પીન નંબર, ઓ.ટી.પી. સી.વી.વી, ક્યુઆર કોડ જેવી માહિતી અજાણ્યા વ્યક્તિને આપશો નહીં.

» કોઈ કાર્ડ, સીમકાર્ડ વેલીડીટી, કે.વાય.સી રીન્યુ, બેન્ક ખાતું ચાલુ કરવા વગેરે માટે ફોન કે મેસેજ પર જવાબ આપવાનું ટાળો.

» ઇન્સ્ટન્ટ લોન લેવાની લાલચમાં કોઇ પણ લોન એપ્લીકેશન કે રીમોટ એકસેસ એપ્લીકેશન ડાઉનલોડ કરવી નહી.

» જોબ ફ્રોડ જેમ કે નટરાજ પેન્સીલ ફ્રોડ, KBC ફ્રોડ, લોટરી ફ્રોડ જેવા સાયબર ક્રાઇમ ફ્રોડથી બચવા અપીલ

# કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને અમરેલીમાં આજે મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી

**સાંસદ ભરતભાઈ સુતરીયા સહિતના પદાધિકારીઓ હાજર રહેશે**

અમરેલી,તા.૨

રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત નારી વંદના ઉત્સવ નિમિત્તે તા.૩ ઓગષ્ટ, ૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૯ વાગ્યે અમરેલી સ્થિત ટી.પી. ગાંધી સ્કૂલની સામે આવેલી ખેડાવાળ બ્રાહ્મણ સમાજની વાડી ખાતે મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરવામાં આવશે. વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં મહિલાઓ માટે સ્વરોજગાર મેળો, સાહસિક મહિલાઓને સન્માનિત કરવામાં આવશે. કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો, અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, જિલ્લા પંચાયત મહિલા અને બાળ વિકાસ સમિતિ અધ્યક્ષ ગીતાબેન ચાવડા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.



**કલેકટર, મામલતદાર સહિતના અધિકારીઓએ મેઘાણી હાઈસ્કૂલની મુલાકાત લીધી**

# જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ બગસરા ખાતે યોજાશે



અમરેલી, તા.૨

દેશમાં ૭૮મો સ્વાતંત્ર્ય પર્વ ઉજવવવાની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી રહી છે. રાજયમાં પણ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવા માટે અધિકારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. જેમાં આ વખતે ૭૮મો સ્વાતંત્ર્ય પર્વ અમરેલી જિલ્લાના બગસરા મુકામે યોજવામાં આવશે. ધ્વજવંદન રાજયના નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે કરવામાં આવશે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી બગસરા ખાતે કરવામાં આવનાર હોવાથી આજરોજ જિલ્લા કલેકટર અજય દહીયા, મામલતદાર ઝાલા સહિતના અધિકારીઓએ મેઘાણી હાઈસ્કૂલના પટાંગણની મુલાકાત લીધી હતી. જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી મેઘાણી હાઈસ્કૂલના પટાંગણમાં યોજવામાં આવશે. વર્ષો પછી ફરી એક વાર બગસરા ખાતે જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થનાર હોય ત્યારે બગસરાના વહીવટી તંત્રમાં પણ ધમધમાટ જોવા મળી રહ્યો છે.

# તેં મારા પૈસા લઈ લીધા છે કહી પતિએ પત્નીને જાનથી મારવાની ધમકી આપી

**અમદાવાદમાં બનેલા બનાવને લઈ પરિણીતાએ પિયર આવી ફરિયાદ કરી**

અમરેલી, તા.૨

અમરેલીમાં રહેતા મીતલબેન ચોટલીયા (ઉ.વ.૩૨)એ મૂળ ગોપાલગ્રામના અને હાલ અમદાવાદમાં રહેતા પતિ મેહુલભાઈ હરીભાઈ ચોટલીયા, સાસુ વજીબેન હરીભાઈ ચોટલીયા તથા જૂનાગઢના શોભાવડલા ગામે રહેતા જોશનાબેન સંજયભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, લગ્ન સમય દરમિયાન અમદાવાદ તેમજ ગોપાલગ્રામ મુકામે તેના પતિ, સાસુ તથા નણંદ ત્રણેય જણાએ નાની-નાની બાબતોમાં અવાર-નવાર મેણા ટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપ્યો હતો. તેમજ તેના પતિએ અમદાવાદ મુકામે તેં મારા પૈસા લઈ લીધા છે તેમ કહી ગાળો આપી મુંઢમાર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ નણંદ તેના પતિને ચડામણી કરતા હતા. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એફ. એમ.કથીરી વધુ તપાસ કરી રહ્યા છે.

# સારહિ તપોવન આશ્રમ ખાતે જન્મદિનની ઉજવણી

અમરેલી,તા.૨

અમરેલીના ગાવડકા ચોકડી પાસે આવેલા સારહિ તપોવન આશ્રમ ખાતે જન્મદિનની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. શ્રીમતી પારૂલબેન રાકેશભાઈ દેસાઈના જન્મદિન નિમિત્તે રાકેશભાઈ દેસાઈના પરિવાર દ્વારા સારહિ તપોવન આશ્રમ ખાતે રહેતા તપસ્વીઓને મિષ્ટાન આપી જન્મદિનની ઉજવણી કરવામાં



આવી હતી. દેસાઈ પરિવાર દ્વારા આશ્રમના સ્વપ્નદષ્ટા મુકેશભાઈ સંઘાણીની કામગીરી બિરદાવી હતી. આ તકે સારહિ યુથ કલબના પદાધિકારી સુરેશભાઈ શેખવા અને ઋજુલભાઈ ગોંડલીયા હાજર રહ્યાં હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ ચૌદસ
તા. ૦૩-૦૮-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૫:૪૩,
સૂર્યાસ્ત-૦૭:૧૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પુનર્વસુ

## દૈનિક રાશિફળ

તા.૦૩-૦૮-૨૦૨૪ શનિવાર

મેષઃ આજે તમારા માટે ખુશી અને શાંતિનો દિવસ રહેશે. મિત્રો અને પરિવાર સાથે મનોરંજન માટે પર્યટક સ્થળોની મુલાકાત લેવાની તક મળશે.

વૃષભઃ આજે ફળદાયક દિવસ હોવાથી તમને શારીરિક અગવડતાનો અનુભવ થઈ શકે છે. કાર્યસ્થળ પર વધારે કામના ભારણથી થાક રહી શકે છે.

મિથુનઃ આજે તમારો દિવસ સાધારણ લાભકારક રહેશે. વધારે મહેનતને લીધે તમે થાક અનુભવો છો. આજે આત્મવિશ્વાસ વધારે રહેશે.

કર્કઃ આજે તમને મિશ્ર પરિણામ મળશે. સવારથી તમે શારીરિક થાક અને નબળાઇનો અનુભવ કરશો, જે આળસમાં વધારો કરશે.

સિંહઃ તમારા માટે આજનો દિવસ મહેનતનો રહેશે. દિવસનો મોટાભાગનો સમય અશાંત રહેશે. નાની બાબતમાં ઘરે ઝઘડો થઈ શકે છે, તેથી શાંત રહો.

કન્યાઃ કોઈપણ પ્રકારનું જોખમ લેવા માટે સમય સારો છે. જો તમે રોકાણ અથવા રિયલ એસ્ટેટની ડીલ કરવાનું વિચારી રહ્યા છો તો આગળ ચર્ચા કરો.

તુલાઃ જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવી રહ્યા છે તો તે વધુ સારું છે. તમારે કામ માટે વધુ દોડવું પડી શકે છે.

વૃશ્ચિકઃ આજે વધુ પડતા ગુસ્સાને કારણે બિનજરૂરી વિવાદની સંભાવના રહેશે. કેટલીક ગેરસમજને લીધે પ્રિયજનો સાથે અસ્પષ્ટતા થઈ શકે છે.

ધનઃ આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. આધ્યાત્મિકતામાં વિશેષ રુચિ રહેશે. તમે કોઈ શુભ ધાર્મિક યાત્રા પર પણ જઈ શકો છો.

મકરઃ આજનો દિવસ તમારા માટે પણ શુભ રહેશે. ઘરે સુખ-શાંતિ રહેશે. તમે દિવસભર શારીરિક અને માનસિક રીતે ફીટ રહેશો.

કુંભઃ કાર્યમાં ઇચ્છિત સફળતા પ્રાપ્ત કરવામાં તમને આનંદ થશે, પરંતુ સરકારી કામ કરવા માટે આજનો દિવસ સારો નથી, મુશ્કેલીઓ વધી શકે છે.

મીનઃ આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. દિવસભર શારીરિક અને માનસિક ઉર્જા રહેશે. પૈસા વિશે કોઈની સાથે દલીલ પણ થઈ શકે છે.

# લાયન્સ કલબ ઓફ સા.કુંડલાનો શપથગ્રહણ સમારોહ યોજાશે






સાવરકુંડલા, તા.૨

લાયન્સ કલબ ઓફ સાવરકુંડલાનો શપશ સમારોહ રવિવારે યોજાશે. સાંજના ૫:૦૦ કલાકે કાનજીબાપુ ઉપવન પારેખવાડીમાં યોજાનારા આ કાર્યક્રમમાં લાયન પ્રતિક નાકરાણી – પ્રેસિડેન્ટ, લાયન નિલેશ વાઘેલા – વાઈસ પ્રેસિડેન્ટ, લાયન દિનેશ કારીયા – સેક્રેટરી, લાયન જતીન બનજારા – ટ્રેઝરર તરીકે ચાર્જ સંભાળશે. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ડિસ્ટ્રીકટ ગર્વનર ભરત બાવીસી, વસંતભાઈ મોવલીયા, એએસપી વલય વૈદ્ય, પૂ.ભક્તિરામ બાપુ, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, હિરેનભાઈ હિરપરા, દેવચંદભાઈ કપોપરા, કાંતિભાઈ વઘાસીયા, દીનેશભાઈ ભુવા સહિતનાઓ આ શપથ સમારોહમાં હાજર રહેશે.

# સાવરકુંડલામાં સાસુ સાથે બોલાચાલી બાદ એસિડ પીનારી પરિણીતાનું સારવારમાં મોત

સાવરકુંડલા, તા.૨

સાવરકુંડલામાં રહેતી એક પરિણીતાને સાસુ સાથે બોલાચાલી થઈ હતી. જે બાદ એસિડ પીતાં સારવાર અર્થે ખસેડાઈ હતી. જ્યાં તેનું મોત થયું હતું. બનાવ અંગે કિશોરભાઈ નાથાભાઈ ગોહીલ (ઉ.વ.૫૪)એ જાહેર કર્યા મુજબ, પ્રિયાબેન યશભાઈ ટાંક (ઉ.વ.૨૧)ને તેના સાસુ સાથે કોઈ વાતને લઈ અણબનાવ થયો હતો. જેને લઈ મનમાં લાગી આવતાં એસિડ પી લેતાં સારવાર અર્થે ખસેડાઈ હતી. જ્યાં તેનું મોત થયું હતું. સાવરકુંડલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# કોલડા ગામે તસ્કરો ત્રાટક્યાઃ મકાનમાં જૂના ચાંદીના સિક્કા સહિત એક લાખથી વધુની ચોરી

**મંદિર અને બે મકાનને નિશાન બનાવ્યા**

વડીયા, તા.૨

વડીયાના કોલડા ગામે એક મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા અને જૂના જમાનાના સિક્કા સહિત મંદિરની અંદર રહેલા છત્તર તથા ચાંદીના મુગટની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે કર્મકાંડી રમેશભાઈ હરીભાઈ જોષી (ઉ.વ.૫૦)એ ત્રણ અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા ચોર ઈસમોએ તેમનાં રહેણાંક મકાનનું તાળું તોડી કબાટમાં રાખેલ એલ્યુમિનિયમના ડબ્બામાં રોકડ રૂ.૧,૦૦,૦૦૦, જુના ચાંદીના રાણી વિકટોરીયાના મુદ્રા વાળા ૨૧ રાણી સિક્કા મળી રૂ.૧,૦૨,૧૦૦ની ચોરી કરી હતી. તેમજ તેમના રહેણાંક મકાનની શેરીમાં આવેલ કોલવા ભગતનાં મંદિરમાં ગેરકાયદે પ્રવેશ કરી ગર્ભગૃહનાં મુખ્ય તાળાબંધ દરવાજાનો નકુચો તોડી ગર્ભગૃહની અંદર આવેલ કોલવા ભગતની મૂર્તિ ઉપરના ચાંદીના છત્તર, ચાંદીનો મુગટ, ચાંદીનો હાર સહિત મંદિરમાંથી કુલ રૂ.૧૧૦૦ની રકમની ચોરી કરી હતી. ઉપરાંત પ્લોટ વિસ્તારમાં રહેતા અરજણભાઈ મોહનભાઈ સોરઠીયાનાં બંધ મકાનનાં મુખ્ય ડેલાનાં દરવાજાનું તાળું તોડી ચોરી કરવાની કોશિશ કરી હતી.

# ખાંભામાં ધાતરવડી પુલ પાસેથી ૭ જુગારી રૂ. ૮૦,૦૭૦ની મત્તા સાથે ઝડપાયા

ખાંભા, તા.૨

ખાંભાના ધાતરવડી પુલ પાસેથી પોલીસે સાત ઈસમોને જુગાર રમતાં ઝડપી લીધા હતા. તેમની પાસેથી રોકડા ૩૩,૬૭૦ તથા ૫ મોબાઈલ મળી આવ્યા હતા. યુનુસભાઈ મહમદભાઈ સુમરા, અલ્તાફભાઈ સુલેમાનભાઈ દલ, મેહુલભાઈ જીતુભાઈ સોલંકી, અંજુમભાઈ સતારભાઈ પરમાર, હનીફભાઈ હાજીભાઈ શેતા, સબીરભાઈ અલારખભાઈ જોખીયા તથા ઈમરાનભાઈ સતારભાઈ પરમાર જુગાર રમતાં રોકડા ૩૩૬૭૦, ૪૬૪૦૦ રૂપિયાની કિંમતના ૫ મોબાઈલ મળી કુલ રૂ. ૮૦,૦૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# વંડાના જીવદયા પ્રેમીએ કતલખાને ધકેલાતી ૧૩ ભેંસો બચાવી

વંડા, તા.૨

વંડા ગામે રહેતા જીવદયા પ્રેમી જીગ્નેશભાઈ ભોળાભાઈ બાંભણીયા (ઉ.વ.૩૨) એ મળેલી બાતમીના આધારે ટ્રકનો પીછો કરી કતલખાને ધકેલાતી ૧૩ ભેંસો બચાવી હતી. કોઈને શંકા ન જાય તે માટે આ ભેંસોને તાલપત્રી ઢાંકીને લઈ જવામાં આવતી હતી. આ ટ્રકનો પીછો કરી તેને લુવારા ખાતેથી પકડવામાં આવી હતી.

**તંત્રી લેખ**

# ક્રિકેટ જગતનો તેજસ્વી તારલો અંશુમાન ગાયકવાડ

ભારતીય ક્રિકેટ જગતના શાનદાર સિતારા ગણાતા અંશુમાન ગાયકવાડનું અવસાન થતા સમગ્ર ક્રિકેટ જગત શોક સાગરમાં ડૂબી ગયું. વેસ્ટ ઈન્ડિઝના ખૂંખાર ફાસ્ટ બોલર્સ સામે ગજબની હિંમત અને નીડરતાથી રમનાર અંશુમાનને પીએમ મોદી અને ક્રિકેટ જગતે ભાવભરી શ્રદ્ધાંજલિ આપી છે. ભારતીય ક્રિકેટ ટીમના ઈતિહાસમાં એક એકથી ચઢિયાતા ખેલાડીઓ રહ્યા છે. પરંતુ, તેમાંથી ખાસ હિંમતવાન ખેલાડીઓની જ વાત કરવામાં આવે, તો તેમાં અંશુમાન ગાયકવાડનું નામ ચોક્કસપણે લેવામાં આવશે. અંશુમાન ગાયકવાડનું પહેલી ઑગસ્ટે બ્લડ કેન્સરથી મૃત્યુ થયું છે. અંશુમાનને તેમના ઉત્સાહ અને જુસ્સા માટે સલામ છે. તેઓ હિંમતવાળા હતા. જેનું ઉદાહરણ તેઓએ ઘણી વખત આપ્યું હતું અને પછી તેમની ટેસ્ટ સીરિઝ કોણ ભૂલી શકે, જેમાં તેમણે તેમના સાથી ખેલાડીઓને ઈજાગ્રસ્ત થતા જોયા, તેમ છતાં પણ તેમનો વિશ્વાસ ડગ્યો નહીં. પાકિસ્તાનના હોશ ઉડાડતા તેમને ૧૨ કલાક પણ ન લાગ્યા. સારવાર માટે BCCI પાસેથી મદદ પણ મળી હતી. પરંતુ, ક્રિકેટના મેદાનનો આ બહાદુર ઓપનર મોતને હરાવી ના શક્યો. આખરે જીવલેણ બીમારી કેન્સરે તેમનો ભોગ લીધો. અંશુમાન ગાયકવાડને ૭૦ અને ૮૦ના દાયકાનો ભારતીય ક્રિકેટનો એક ભરોસાપાત્ર ચહેરો કહેવામાં આવતો હતો. તેમનો વિશ્વાસ એટલો મજબૂત હતો કે પછીથી તેઓ સુનીલ ગાવસ્કરના 'જમણો હાથ' પણ કહેવાતા હતા. ભારતના ભૂતપૂર્વ ક્રિકેટ ખેલાડી, કોચ અને સિલેક્ટર અંશુમાન ગાયકવાડે બ્લડ કેન્સર સામેની લાંબી લડાઈ બાદ બુધવારે રાત્રે અંતિમ શ્વાસ લીધા હતા અને તેમના અવસાન બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, ગૃહ પ્રધાન અમિત શાહે, બીસીસીઆઇના પ્રમુખ રોજર બિન્ની તથા સેક્રેટરી જય શાહે તેમ જ સુનીલ ગાવસ્કર, ગુંડપ્પા વિશ્વનાથ સહિત ક્રિકેટ જગતની નામાંકિત હસ્તીઓએ શોક વ્યક્ત કર્યો હતો અને સોશિયલ મીડિયા પર શ્રદ્ધાંજલિ પાઠવી છે. બાહોશ અને નીડર અભિગમ રાખીને રમતા ગાયકવાડ ઘણી યાદગાર ઈનિંગ્સ રમ્યા હતા, પરંતુ એ બધામાં વિશેષ કરીને વેસ્ટ ઈન્ડિઝ સામેની ૧૯૭૫-'૭૬ની લડતભરી ઈનિંગ્સ અને પાકિસ્તાન સામેની હાઈએસ્ટ હાઈએસ્ટ ૨૦૧ રનની ઈનિંગ્સ ખાસ હતી. તેઓ જલંધરના એ ટેસ્ટ-દાવમાં ૧૧ કલાક સુધી ક્રીઝ પર ટકી રહ્યા હતા અને તેમની એ લાંબી ઈનિંગ્સથી કોઈને પણ આશ્ચર્ય નહોતું થયું. ગાયકવાડ ઘણી ટેસ્ટ ઈનિંગ્સમાં હરીફ બોલર્સ માટે દિવાલ બનીને રમ્યા હતા. ૧૯૭૫થી ૧૯૮૭ દરમ્યાન ૪૦ ટેસ્ટ અને ૧૫ વન-ડે રમનાર ગાયકવાડે ટેસ્ટમાં બે સદીની મદદથી ૧૯૮૫ રન અને વન-ડેમાં એક સેન્ચુરીની મદદથી ૨૬૯ રન બનાવ્યા હતા. તેમણે કુલ ૨૧ કૅચ પકડ્યા હતા. રણજી ટ્રોફી સહિતની ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં તેમણે ૩૪ સેન્ચુરી સાથે કુલ ૧૨,૧૩૬ રન બનાવ્યા હતા. સપ્ટેમ્બર, ૧૯૮૩માં જલંધરમાં ઝહીર અબ્બાસના સુકાનમાં પાકિસ્તાને વસીમ રાજાના ૧૨૫ રનની મદદથી ૩૩૭ રન બનાવ્યા હતા જેના જવાબમાં ભારતે મહા મહેનતે ૩૭૪ રન બનાવ્યા હતા. જોકે આ ૩૭૪ રન ગાયકવાડ (૨૦૧ રન, ૪૩૬ બૉલ, ૬૭૧ મિનિટ, ૧૭ ફોર)ની મૅરેથોન ઈનિંગ્સને આભારી હતા.

# ઓટોમોબાઈલ જગતની ક્રાંતિનો પ્રારંભ CNG બાઈક બજાજ ફ્રીડમ 125

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

અત્યાર સુધી પેટ્રોલથી અને ઈલેક્ટ્રીકથી ચાલતી બાઈક બજારમાં ધૂમ વેચાય છે આવા સંજોગોમાં વિશ્વની સૌથી પહેલી સીએનજી પ્લસ પેટ્રોલથી ચાલતી અનોખી બાઈક બજાજે બજારમાં મૂકી છે જેનાથી ઈંધણની બચતમાં ખૂબ મોટો ફાયદો થશે. બજાજ ઓટોએ ૫ જુલાઈ, શુક્રવારે પુણેમાં વિશ્વની પ્રથમ CNG બાઈક લોન્ચ કરી. બજાજ ઓટોએ ૫ જુલાઈ, શુક્રવારે વિશ્વની પ્રથમ CNG બાઈક 'બજાજ ફ્રીડમ ૧૨૫' લોન્ચ કરી. બાઈક ચલાવવા માટે બે ઈંધણ વિકલ્પો છે એટલે કે, ૨ લિટર પેટ્રોલ ટાંકી અને ૨ કિલોની CNG ટાંકી. બંનેને એકવાર ભરવાથી ૩૩૦ કિમીની માઈલેજ મળશે. રાઈડર એક બટન વડે CNG થી પેટ્રોલ અને પેટ્રોલથી CNG માં સ્વિચ કરી શકે છે. તેની કિંમત રૂ. ૯૫,૦૦૦ થી રૂ. ૧.૧૦ લાખ (એક્સ-શોરૂમ) વચ્ચે છે. બાઈકનું બુકિંગ શરૂ થઈ ગયું છે. ડિલિવરી સૌથી પહેલા મહારાષ્ટ્ર અને ગુજરાતમાં શરૂ થશે. તે બાકીના રાજ્યોમાં તબક્કાવાર ઉપલબ્ધ થશે. બજાજ ફ્રીડમ CNG બાઈક ત્રણ વેરિઅન્ટમાં આવે છે. બાઈકના ૧૧ થી વધુ સેફ્ટી ટેસ્ટ કરવામાં આવ્યા છે. ૧૦ ટન લોડ ટ્રક નીચે આવ્યા પછી પણ ટાંકી લીક થઈ ન હતી. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ દાવો કર્યો હતો કે સીએનજી ટુ-વ્હીલર ચલાવવાનો ખર્ચ લગભગ ૧ રૂપિયા પ્રતિ કિલોમીટર હશે. બજાજ ફ્રીડમના લોન્ચ ઈવેન્ટમાં નીતિન ગડકરી અને રાજીવ બજાજે હાજરી આપી હતી. બાઈકમાં પેટ્રોલ અને CNG વચ્ચે શિફ્ટ કરવા માટે એક સ્વિચ છે. CNG પર ૧૦૦ કિમી પ્રતિ કિલો માઈલેજ CNG ટાંકીનું વજન જ્યારે સંપૂર્ણપણે ગેસથી ભરેલું હોય ત્યારે તેનું વજન ૧૮kg હોય છે. કંપની CNG પર ૧૦૦ km/kg અને પેટ્રોલનો ઉપયોગ કરતી





વખતે 65kpl માઈલેજનો દાવો કરે છે. તેમાં 125cc સિંગલ-સિલિન્ડર એન્જિન છે, જે ૯.૫ PSનો પાવર અને ૯.૭ Nm નો પીક ટોર્ક જનરેટ કરે છે. આ એન્જિન પેટ્રોલ અને CNG બંને પર ચાલી શકે છે. બજાજ ફ્રીડમ ૧૨૫ સીએનજી સંબંધિત ૬ વસ્તુઓ: ફ્રીડમ ૧૨૫ બાઈક સેગમેન્ટમાં સૌથી લાંબી સીટ ધરાવે છે. સીટની લંબાઈ ૭૮૫ મીમી છે. CNG અને પેટ્રોલ ભરવા માટે સામાન્ય ફ્યુઅલ ટાંકી કેપ કવર આપવામાં છે. આ બાઈકમાં મજબૂત ટ્રેલીસ ફ્રેમ અને સેગમેન્ટ સાથે પ્રથમ લિંક થયેલ મોનોશોક છે. CNG બાઈકમાં બ્લૂટૂથ કનેક્ટિવિટી સાથે રિવર્સ LED કન્સોલ છે. ઈજિપ્ત, તાન્ઝાનિયા, કોલંબિયા, પેરુ, બાંગ્લાદેશ અને ઈન્ડોનેશિયામાં તેની નિકાસ કરવામાં આવશે. બજાજ ફ્રીડમ ૧૨૫ વિશ્વની સૌથી લોકપ્રિય CNG બાઈક છે. તેમાં પેટ્રોલ અને CNG બંને ફ્યુઅલ ઓપ્શન છે. કંપનીનો દાવો છે કે બાઈકે ઈન્ડસ્ટ્રીના ૧૧ અલગ-અલગ ટેસ્ટ પાસ કર્યા છે. આ બાઈક ફુલ ટેન્ક (પેટ્રોલ CNG)માં ૩૩૦ કિમીની ડ્રાઈવિંગ રેન્જ આપશે. તો જુઓ કેવી છે વિશ્વની પ્રથમ બાઈક-બજાજ ફ્રીડમ: ૩૩૦Km રેન્જ. ડ્યુઅલ-ફ્યુઅલ ટેકનોલોજી! તસવીરોમાં જુઓ વિશ્વની પ્રથમ CNG બાઈક કેવી દેખાય છે. દેશની અગ્રણી ટુ-વ્હીલર ઉત્પાદક કંપની બજાજ ઓટોએ એવું કર્યું છે જે આજ સુધી દુનિયામાં કોઈએ કર્યું નથી. બજાજ ઓટોએ આજે સત્તાવાર રીતે વિશ્વની પ્રથમ CNG બાઈક બજાજ ફ્રીડમ વેચાણ માટે લોન્ચ કરી છે. આકર્ષક દેખાવ અને સ્પોર્ટી ડિઝાઈનથી સજ્જ આ બાઈકની પ્રારંભિક કિંમત રૂ. ૯૫,૦૦૦ (એક્સ-શોરૂમ) નક્કી કરવામાં આવી છે. આ ઐતિહાસિક મોટરસાઈકલના લોન્ચિંગ સમયે કેન્દ્રીય રોડ અને ટ્રાન્સપોર્ટ હાઈવે મંત્રી નીતિન ગડકરી પણ હાજર હતા, જેમણે તેને ગેમ ચેન્જર ગણાવી હતી. બજાજ ઓટોએ આ બાઈકને કોમ્યુટર સેગમેન્ટમાં લોન્ચ કરી છે. પરંતુ ટીમે આ બાઈકના લૂક અને ડિઝાઈન પર શાનદાર કામ કર્યું છે. તેનો લુક કોઈપણ રેગ્યુલર મોટરસાઈકલ કરતા એકદમ અલગ છે. જ્યારે તમે આ બાઈકને પહેલી નજરમાં જોશો ત્યારે તમારા મનમાં પહેલો પ્રશ્ન આવશે તે છે CNG સિલિન્ડર. આ બાઈકને જોઈને તમે કદાચ અંદાજ પણ નહીં લગાવી શકો કે કંપનીએ આ બાઈકમાં CNG સિલિન્ડર ક્યાં મૂક્યું છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ પણ તેની પ્રશંસા કરી હતી.બજાજ ઓટો દાવો કરે છે કે આ બાઈક સેગમેન્ટમાં સૌથી લાંબી સીટ (785MM) ધરાવે છે જે આગળના ભાગમાં ફ્યુઅલ ટાંકીને ઘણી હદ સુધી આવરી લે છે. આ સીટની ચે સીએનજી ટાંકી મૂકવામાં આવી છે. આમાં લીલો રંગ CNG અને નારંગી રંગ પેટ્રોલનું પ્રતિનિધિત્વ કરે છે. આ બાઈકને એક મજબૂત ટ્રેલીસ ફ્રેમ આપવામાં આવી છે જે ન માત્ર બાઈકને લાઈટ બનાવે છે પણ તેને મજબૂત પણ બનાવે છે. કંપનીનું કહેવું છે કે આ બાઈકે ઈન્ડસ્ટ્રીના ૧૧ અલગ-અલગ ટેસ્ટ પાસ કર્યા છે જે તેને સંપૂર્ણપણે સુરક્ષિત બનાવે છે. આ બાઈકને આગળથી, બાજુથી, ઉપરથી અને ટ્રકની નીચે કચડીને પણ ટેસ્ટ કરવામાં આવી છે. બજાજનું એમ પણ કહેવું છે કે આ બાઈકમાં અલગથી CNG કીટ ફીટ કરવામાં આવી નથી. તે કંપનીના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરમાં સંપૂર્ણપણે ડિઝાઈન કરવામાં આવ્યું છે અને તેને રિટ્રોફિટ કરી શકાતું નથી. બજાજ ફ્રીડમ, વિશ્વની પ્રથમ CNG બાઈકમાં, કંપનીએ ૧૨૫ સીસી ક્ષમતાનું પેટ્રોલ એન્જિન આપ્યું છે. આ એન્જિન 9.5PSનો પાવર અને 9.7Nmનો ટોર્ક જનરેટ કરે છે. તેના એન્જિનનું પાવર આઉટપુટ પણ રેગ્યુલર કોમ્યુટર પેટ્રોલ બાઈક જેટલું જ છે. એટલે કે પરફોર્મન્સના સંદર્ભમાં, આ બાઈક દૈનિક ઉપયોગ માટે શ્રેષ્ઠ સાબિત થશે. જેમાં કંપનીએ ૨ લીટર પેટ્રોલ ફ્યુઅલ ટેન્ક અને ૨ કિલો ક્ષમતાની CNG ટેન્ક આપી છે. કંપનીનો દાવો છે કે આ બાઈક ફુલ ટેન્ક (પેટ્રોલ CNG)માં ૩૩૦ કિમી સુધીની ડ્રાઈવિંગ રેન્જ આપે છે. માઈલેજની વાત કરીએ તો આ બાઈક ૧ કિલો સીએનજીમાં ૧૦૨ કિમી અને ૧ લિટર પેટ્રોલમાં ૬૭ કિમીની માઈલેજ આપે છે. આ બાઈક પેટ્રોલ અને CNG બંને મોડમાં ચલાવી શકાય છે. આ માટે કંપનીએ હેન્ડલબાર પર સ્વિચ આપી છે. જેમાં મોડ બદલવા માટેનું બટન ઉપલબ્ધ છે. એટલે કે માત્ર એક બટન દબાવવાથી તમે પેટ્રોલમાંથી CNG મોડમાં ફેરફાર કરી શકશો. બાઈકમાં આપવામાં આવેલા CNG સિલિન્ડરનું વજન ૧૬ કિલો છે, જ્યારે CNG ભર્યા પછી તે ૧૮ કિલો થઈ જાય છે. બજાજ ફ્રીડમનું કુલ વજન ૧૪૭ kg છે, જે CT૧૨૫X કરતા લગભગ ૧૬ kg વધારે છે. ડિઝાઈનના સંદર્ભમાં, બજાજે ફ્રીડમ ૧૨૫ માટે ન્યૂનતમ છતાં મજબૂત ડિઝાઈન ભાષાનો ઉપયોગ કર્યો છે. તે સંપૂર્ણ રીતે એલઈડી હેડલાઈટ્સ અને ટેલલાઈટ્સ તેમજ હેલોજન સૂચકાંકો ધરાવે છે. તે મોનોક્રોમ એલસીડી ડિસ્પ્લે સાથે ઈન્સ્ટ્રૂમેન્ટ ક્લસ્ટર મેળવે છે જે બ્લૂટૂથ કનેક્ટિવિટીને પણ સપોર્ટ કરે છે. બજાજે ફ્યુઅલ ટેન્ક પર એક કોમન ફ્લૅપ આપ્યો છે, જેને ખોલીને તમે પેટ્રોલ અને CNG બંને રિફિલ કરી શકો છો. બજાજ ફ્રીડમમાં ફીટ કરાયેલી CNG ટાંકીને PESO (પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝિવ સેફ્ટી ઓર્ગેનાઈઝેશન) તરફથી સત્તાવાર પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે, જે સરકારી સલામતી ધોરણોનું પાલન સુનિશ્ચિત કરે છે. બજાજ ઓટો દાવો કરે છે કે બજાજ ફ્રીડમ ૧૨૫ની રનિંગ કોસ્ટ કોઈપણ પેટ્રોલ મોડલ કરતા ઘણી ઓછી છે. દૈનિક ઉપયોગ દરમિયાન તેના ઓપરેશન ખર્ચમાં આશરે ૫૦% ઘટાડો થશે. આ અર્થમાં, આ બાઈકનો ઉપયોગ કરતી વખતે, વાહન માલિક આગામી ૫ વર્ષમાં અંદાજે રૂ. ૭૫,૦૦૦ બચાવી શકે છે. ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગમાં આ સીએનજી તથા પેટ્રોલથી ચાલતી બાઈક એક નવી ક્રાંતિનું સર્જન કરશે અને પર્યાવરણ બચાવશે.



**સીએનજી તથા પેટ્રોલથી ચાલતી બજાજ ફ્રીડમ ૧૨૫ની રનિંગ કોસ્ટ કોઈપણ પેટ્રોલ મોડલ કરતા ઘણી ઓછી છે. દૈનિક ઉપયોગ દરમિયાન તેના ઓપરેશન ખર્ચમાં આશરે ૫૦% ઘટાડો થશે. આ અર્થમાં, આ બાઇકનો ઉપયોગ કરતી વખતે, વાહન માલિક આગામી ૫ વર્ષમાં અંદાજે રૂ. ૭૫,૦૦૦ બચાવી શકે છે**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૫૬૫ |
| ઘઉં લોકવન | ૫૨૧ | ૫૪૮ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૭૧૦ | ૭૯૩ |
| જુવાર લાલ | ૮૧૦ | ૯૦૦ |
| બાજરી | ૪૦૦ | ૪૧૦ |
| તુવેર | ૧૫૭૦ | ૨૨૩૦ |
| ચણા પીળા | ૧૨૮૦ | ૧૩૫૫ |
| ચણા સફેદ | ૧૯૦૦ | ૨૮૦૦ |
| અડદ | ૧૭૧૦ | ૧૯૧૯ |
| મગ | ૧૪૪૮ | ૧૬૬૦ |
| ચોળી | ૧૦૦૦ | ૨૯૨૦ |
| વટાણા | ૧૭૦૦ | ૨૪૦૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૭૪૫ |
| મગફળી જાડી | ૧૧૩૦ | ૧૨૪૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૧૯૫ |
| અળશી | ૫૪૦ | ૫૫૦ |
| તલી | ૨૧૦૦ | ૨૫૫૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૮૪ |
| સુવા | ૮૪૦ | ૧૪૮૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૭ |
| સીંગફાડા | ૧૦૧૦ | ૧૪૦૫ |
| કાળા તલ | ૨૮૫૦ | ૩૫૪૧ |
| લસણ | ૨૨૫૦ | ૩૩૨૫ |
| ધાણા | ૧૧૮૫ | ૧૫૦૦ |
| વરીયાળી | ૧૦૧૮ | ૧૩૫૯ |
| જીરૂ | ૪૨૫૦ | ૪૮૫૦ |
| રાય | ૧૦૩૦ | ૧૨૦૦ |
| મેથી | ૯૩૦ | ૧૨૫૫ |
| ઇસબગુલ | ૧૭૦૦ | ૨૩૫૦ |
| કલોંજી | ૩૭૬૦ | ૩૭૭૫ |
| રાયડો | ૯૪૦ | ૧૦૫૧ |
| રજકાનું બી | ૪૫૦૦ | ૫૫૨૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૬૦૦ | ૧૧૦૦ |
| બટેટા | ૩૦૦ | ૫૮૧ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૫૯૦ |
| ટમેટા | ૫૦૦ | ૭૫૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મૂળા | ૩૮૦ | ૬૭૦ |
| રીંગણા | ૨૨૦ | ૪૧૦ |
| કોબીજ | ૨૯૦ | ૪૮૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૫૦ |
| ગુવાર | ૭૫૦ | ૧૧૮૦ |
| ચોળાસીંગ | ૭૫૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૫૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૮૦ |
| કંટાલા | ૧૮૦૦ | ૨૪૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૫૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૬૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૨૧ | ૧૨૧૫ |
| શિંગ મોટી | ૯૫૦ | ૧૨૨૫ |
| શિંગદાણા | ૧૦૦૦ | ૧૬૦૩ |
| તલ સફેદ | ૧૭૭૦ | ૨૬૪૫ |
| તલ કાળા | ૨૭૩૦ | ૩૪૩૯ |
| બાજરો | ૪૬૨ | ૪૭૩ |
| જુવાર | ૭૦૩ | ૮૮૧ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૩ |
| ઘઉં લોકવન | ૪૬૭ | ૫૭૩ |
| મગ | ૧૪૫૦ | ૧૬૨૮ |
| ચણા | ૧૨૫૬ | ૧૩૩૬ |
| તુવેર | ૧૪૨૫ | ૧૬૨૨ |
| કપાસ | ૯૫૩ | ૧૫૫૯ |
| એરંડા | ૧૧૬૫ | ૧૧૭૧ |
| જીરું | ૩૧૭૫ | ૪૮૬૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૩૬ |
| સોયાબીન | ૭૮૯ | ૮૨૧ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૫૦૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૮૫૦ | ૯૫૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૭૦૦ | ૯૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૪૫૦ | ૫૩૦ |
| દૂધી | ૨૦૦ | ૨૮૦ |
| કરેલા | ૩૫૦ | ૪૫૦ |
| ગલકા | ૪૫૦ | ૫૫૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ચોળાશીંગ | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૫૦ |
| ફુદીનો | ૮૫૦ | ૧૦૫૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૫૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી સૂકી | ૨૪૦ | ૫૨૦ |
| લસણ સૂકું | ૨૦૫૦ | ૪૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૭૫૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૦૦૧ | ૧૫૨૬ |
| ઘઉં લોકવન | ૫૨૮ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૫૧૬ | ૬૦૬ |
| મગફળી જીણી | ૮૫૧ | ૧૨૦૦ |
| સિંગદાણા જાડા | ૧૨૫૧ | ૧૬૫૧ |
| સિંગ ફાડીયા | ૧૦૬૧ | ૧૩૮૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૨૦૬ |
| જીરૂ | ૩૨૫૧ | ૪૯૫૧ |
| ક્લોંજી | ૩૦૯૧ | ૩૬૨૧ |
| વરીયાળી | ૯૫૧ | ૯૫૧ |
| ધાણા | ૮૦૧ | ૧૬૨૧ |
| લસણ સુકું | ૧૪૩૧ | ૩૪૪૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૫૮૧ |
| અડદ | ૧૬૦૧ | ૧૮૯૧ |
| તુવેર | ૧૨૦૧ | ૨૨૬૧ |
| રાયડો | ૮૫૦ | ૯૮૧ |
| રાય | ૭૦૧ | ૧૧૧૧ |
| મેથી | ૮૨૬ | ૧૧૨૬ |
| સુવાદાણા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| કાંગ | ૬૦૧ | ૧૧૫૧ |
| સુરજમુખી | ૪૭૬ | ૪૭૬ |
| મગફળી જાડી | ૮૨૧ | ૧૨૭૬ |
| સફેદ ચણા | ૧૩૫૧ | ૨૭૭૧ |
| મગફળી નવી | ૮૫૧ | ૧૩૩૬ |
| તલ - તલી | ૧૭૫૧ | ૨૪૯૧ |
| ધાણી | ૯૦૧ | ૧૬૨૧ |
| બાજરો | ૪૦૧ | ૪૦૧ |
| જુવાર | ૪૯૧ | ૭૮૧ |
| મકાઇ | ૫૦૧ | ૫૦૧ |
| મગ | ૧૨૦૦ | ૧૬૭૧ |
| ચણા | ૧૧૫૧ | ૧૩૫૬ |
| વાલ | ૫૨૧ | ૧૮૫૧ |
| સોયાબીન | ૭૧૧ | ૮૨૧ |
| ગોગળી | ૬૦૦ | ૧૧૧૧ |
| વટાણા | ૧૩૦૧ | ૨૨૫૧ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૯૩ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મગફળી | ૬૨૫ | ૧૧૫૧ |
| શિંગ ફાડા | ૧૩૦૦ | ૧૪૨૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૧૨ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૬ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૧૨ | ૧૫૪૩ |
| જીરૂ | ૪૬૨૫ | ૪૭૭૫ |
| ઘઉં | ૪૨૨૫ | ૫૧૮ |
| **ધારી** | | |
| ઘઉં | ૫૩૨ | ૫૩૬ |
| મગ | ૧૫૯૫ | ૧૫૯૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૫૦૦ |
| શીંગ દાણા | ૧૧૫૧ | ૧૪૫૧ |
| શીંગ ફાડા | ૯૪૫ | ૯૪૫ |
| સોયાબીન | ૯૬૧ | ૮૧૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૫૦ | ૯૫૦ |
| તલ સફેદ | ૨૩૫૪ | ૨૪૨૦ |
| કપાસ | ૮૦૦ | ૧૫૩૦ |
| બાજરો | ૪૭૦ | ૫૧૦ |
| ઘઉ ટુકડા | ૪૮૦ | ૬૦૧ |
| જુવાર | ૫૨૦ | ૮૦૦ |
| મગ | ૧૬૫૧ | ૧૬૫૧ |
| એરંડી | ૧૦૨૧ | ૧૦૨૧ |
| શીંગદાણા | ૧૫૫૧ | ૧૫૫૧ |
| સોયાબીન | ૭૨૧ | ૭૨૧ |
| રાજગરો | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૬૦ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૪ |
| સોયાબીન | ૭૫૦ | ૭૮૬ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૯૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| શીંગદાણા | ૧૪૬૦ | ૧૫૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૧૫ |
| જીરૂ | ૪૮૦૦ | ૪૮૦૦ |
| અડદ | ૧૫૭૫ | ૧૭૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ-મોટી | ૧૧૦૦ | ૧૧૮૬ |
| શીંગ દાણા | ૧૫૦૦ | --- |
| તલ સફેદ | ૨૨૮૦ | ૨૪૯૫ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૭૨૭ |
| કપાસ | ૧૨૮૦ | ૧૫૪૫ |
| ઘઉં લોકવન | ૫૦૨ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૫૨૭ | ૫૬૭ |
| બાજરો | ૫૦૦ | ૫૪૦ |
| જુવાર | ૪૮૧ | ૫૦૧ |
| મગ | ૧૪૪૧ | ૧૫૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૫૩ |
| દેશી ચણા | ૧૩૦૦ | ૧૪૫૫ |
| તુવેર | ૨૦૨૧ | --- |
| ધાણા | ૯૮૫ | ૧૨૦૨ |
| સોયાબીન | ૭૮૮ | --- |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૧૧૫૬ | ૧૧૫૬ |
| શીંગ નં-૩૨ | ૧૦૦૦ | ૧૧૬૦ |
| શીંગ જી-૨૦ | ૧૧૫૮ | ૧૧૫૮ |
| જુવાર | ૪૩૨ | ૬૯૦ |
| બાજરી | ૪૧૮ | ૭૦૧ |
| ઘંઉ ટુકડા | ૪૬૦ | ૬૦૩ |
| મગ | ૧૦૯૫ | ૧૦૯૫ |
| મેથી | ૮૦૧ | ૮૦૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૫૧ |
| ચણા | ૫૯૦ | ૧૩૩૧ |
| તલ સફેદ | ૧૭૮૫ | ૨૫૨૬ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| ડુંગળી લાલ | ૧૩૮ | ૫૪૫ |
| ડુંગળી સફેદ | ૨૮૦ | ૪૦૦ |
| નાળીયેર | ૨૭૧ | ૨૦૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૨૭૯ |
| બાજરી | ૪૧૧ | ૪૯૩ |
| ઘઉં | ૪૭૫ | ૫૬૨ |
| સફેદ તલ | ૨૨૫૦ | ૨૪૮૦ |
| કાળા તલ | ૨૮૦૦ | ૩૪૬૬ |
| સોયાબીન | ૮૪૦ | ૮૬૦ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૧૭૬૯ |
| જુવાર | ૬૦૦ | ૭૨૨ |
| અડદ | ૧૬૦૦ | ૧૮૯૦ |
| મગ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૩૨૨ |

## શબ્દ સંજોગ-૧૮૪૭



**આડી ચાવી :**
(૧) લોકો કે અંગોને એકત્રિત કરી વ્યવસ્થિત કરવા તે (૪)
(૫) ઉપાય વગરનું, લાચાર (૪)
(૭) કેટલુંક, અમુક (૪)
(૮) સૌંદર્યયુક્ત રચના (૨)
(૯) પરમેશ્વર, પરવરદિગાર (૨)
(૧૨) થાપણ, પૂંજી (૨)
(૧૪) તલવારનો પર્યાય થયો આડો- અવળો (૪)
(૧૬) આકાશ (૨)
(૧૭) ચપળ, બોલવામાં કુશળ (૪)
(૧૯) એક પાલતું પ્રાણી (૩)
(૨૦) રુવાંટીની હાર (૪)
(૨૨) એક વૃક્ષ (૨)
(૨૩) જવાળામુખીમાંથી નીકળતો ગરમ રસ (૨)
(૨૫) મેળાપ, પરમાત્મા સાથે સંબંધ કરવાનો ઉપાય (૨)
(૨૬) ખેતી, મોલ, વાવેતર (૪)

**ઉભી ચાવી :**
(૧) નવા વર્ષના દિવસે મોટા ભાગના લોકો નવો----- કરે છે (૩)
(૨) ઝડપ, મૂઆ પછીની હાલત (૨)
(૩) દોષ બદલ ધમકાવવું તે (૩)
(૪) રાજનીતિ (૨)
(૫) જેઠ સુદ અગિયારસ એટલે----એકાદશી (૩)
(૬) ફૂલની ચાદર (૩)
(૮) હાથમાં માંય એટલો જથ્થો (૨)
(૧૦) સ્ત્રી પર અત્યાચાર, બળજબરી (૪)
(૧૧) પુષ્કળ, ખીચોખીચ (૪)
(૧૨) એક ધાર્મિક પર્વ (૩)
(૧૩) અમીર, શ્રીમંત (૪)
(૧૫) રામાયણનું એક પાત્ર (૩)
(૧૮) બરડાની ઊભી હારમાળા (૩)
(૧૯) આંટી લઈને ભરેલો દોરાનો ટાંકો (૩)
(૨૧) લીલાપણું (૩)
(૨૨) જુવાન પત્ની, વહુ (૨)
(૨૪) બોલી, ખાટલો ભરવામાં વપરાતી દોરી (૨)

## શબ્દ સંજોગ-૧૮૪૬ જવાબ

**આડી ચાવી:** (૧) સરગવો (૩) સમતલ (૬) લવાદ (૭) ભગત (૯) નગર (૧૧) રાજ (૧૨) પારસ (૧૪) રવાલ (૧૬) મન (૧૮) ને (૨૦) બરકત (૨૧) સારસ (૨૪) જીવક (૨૬) વાય (૨૭) કમતર (૨૮) વિરલ.

**ઊભી ચાવી:** (૧) સરભરા (૨) ગમત (૩) સવા (૪) મદન (૫) લહેર (૬) લગીર (૮) ગજર (૧૦) ગજ (૧૨) પાલ (૧૩) સમર (૧૫) વાયસ (૧૭) નકશો (૧૯) માસા (૨૦) બનાવ (૨૨) રસમ (૨૩) ગાય (૨૪) જાર (૨૫) કવિ (૨૬) વાલ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અભયમ મહિલા હેલ્પલાઈને યુવતીને હેરાનગતીથી બચાવી

**છેલ્લા ૬ મહિનાથી એક વ્યક્તિ તેને સતત હેરાન કરી રહ્યો હતો**

અમરેલી,તા.૨

આજે સવારે એક યુવતીએ અભયમ મહિલા હેલ્પલાઈન ૧૮૧ પર કોલ કરીને મદદની માંગણી કરી હતી. યુવતીએ જણાવ્યું કે બસ સ્ટેન્ડ પર એક યુવક તેને હેરાન કરી રહ્યો છે. કોલ મળતાં જ અભયમ ટીમ તરત જ એસ.ટી. બસ સ્ટેન્ડ પર પહોંચી ગઈ હતી. યુવતી સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે છેલ્લા ૬ મહિનાથી એક વ્યક્તિ તેને સતત હેરાન કરી રહ્યો હતો. આ વ્યક્તિ બસ સ્ટેન્ડમાં યુવતીનો પીછો કરતો, તેની બસમાં ચઢી જતો અને મિત્રો પાસેથી યુવતીનો ફોન નંબર મેળવવાનો પ્રયાસ કરતો હતો. વધુમાં, તે યુવતીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અલગ-અલગ આઈડી દ્વારા વારંવાર મેસેજ કરતો હતો. યુવતીએ જણાવ્યું કે તેણે આ વ્યક્તિને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે માન્યો ન હતો. આખરે, યુવતીએ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. અભયમ ટીમે યુવકને સમજાવ્યો અને તેનું કાઉન્સેલિંગ કર્યું. યુવકે પોતાની ભૂલ સ્વીકારી અને યુવતી પાસે માફી માંગી. તેણે ભવિષ્યમાં આવી ભૂલ ન કરવાની ખાતરી આપી. યુવતીએ યુવકને સુધરવાની એક તક આપવાનું નક્કી કર્યું અને હાલ પૂરતી આગળની કાર્યવાહી કરવાનું ટાળ્યું. યુવતીએ તેની સમસ્યાનું સમાધાન થતા અભયમ ટીમનો આભાર માન્યો. યુવકે પણ તેને તેની ભૂલનું ભાન કરાવવા બદલ અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો.

# ધ્રોલમાં ૭૪૮ હિન્દુઓ ઈસ્લામ ધર્મનો અંગીકાર કરવા તૈયાર, મુખ્યમંત્રીને પત્ર લખ્યો

(એ.આર.એલ),જામનગર,તા.૨



જામનગર જિલ્લાના ધ્રોલના વાડી સહિતના વિસ્તારમાં રહેતા ૭૪૮ જેટલા હિન્દુ ધર્મના લોકોએ ધર્મ પરિવર્તન કરવા અને મુસ્લિમ ધર્મ અંગીકાર કરવા માટે રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. પોતાની અનેક સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં નહીં આવતા આખરે થાકી કંટાળીને ધર્મ પરિવર્તનનો નિર્ણય લેવાયાનું આવેદનપત્રમાં જાહેર કરાતાં ભારે સનસનાટી મચી ગઈ છે.

ધ્રોલમાં વોર્ડ નંબર ૭, પડધરી નાકા પાછળ ૭ ડેરી મહાદેવ મંદિર વાળા માર્ગે વાડી સહિતના વિસ્તારમાં રહેતા અનેક પરિવારના કુલ ૭૪૮ લોકોએ મુખ્યમંત્રી ઉપરાંત ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાટીના પ્રદેશ પ્રમુખો તેમજ ધ્રોલના પ્રાંત અધિકારી અને ચીફ ઓફિસરને પત્ર પાઠવી રજૂઆત કરતાં જણાવ્યું છે કે ભાજપ કરતાં કોંગ્રેસ સરકાર સારી હતી. આ સરકારમાં હિન્દુની સમસ્યાનું કોઈ નિરાકરણ થતું નથી. અમારા અનેક પ્રશ્નો અંગે અનેક વખત રજૂઆત કરવા છતાં નિરાકરણ લાવવામાં નહીં આવતાં આખરે કંટાળી જઈને મુસ્લિમ ધર્મ અંગીકાર કરવા ઈચ્છીએ છીએ.

અમારા રહેણાક વિસ્તારના માર્ગે ખાટકીવાડ વિસ્તારમાં માંસ મટનનો જાહેરમાં નિકાલ કરવામાં આવે છે. આથી અમારી હિન્દુઓની લાગણી દુભાય છે. આ બાબતે અનેક વખત રજૂઆતો કરવા છતાં પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવ્યો નથી.

# બાબાપુર ખાતે બાઈક -સનેડા વચ્ચે અકસ્માતમાં પિતરાઈ બહેનનું મોત, ભાઈ ઘાયલ

અમરેલી,તા.૨



અમરેલીના મોટા ભંડારીયાના પાટીયા પાસે સાંજના સમયે બાબાપુર ગામના વતની પિતરાઈ ભાઈ બહેન મંદિરે દર્શન કરવા ગયા હતા. જ્યાં તેમને અકસ્માત નડતા બહેનનું મૃત્યુ થયું હતું જ્યારે ગંભીર રીતે ઘાયલ ભાઈને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. બનાવની વિગત જોઈએ તો બાબાપુર ગામના વિવેક મુકેશભાઈ ચાવડા ઉંમર વર્ષ ૨૦ અને તેમના બહેન સુનિતાબેન હિરેનભાઈ ચૌહાણ ઉંમર વર્ષ ૨૮ મંદિરે દર્શન માટે જઈ રહ્યા હતા, ત્યારે મોટા ભંડારીયાના પાટીયા પાસે સનેડા સાથે સાથે બાઈક અથડાતાં સુનીતાબેન ચૌહાણનું મૃત્યુ થયું હતું. જ્યારે વિવેક મુકેશભાઈ ચાવડા ગંભીર રીતે ઘાયલ થયા હતા.

**૨૦૨૪ લોકસભા ચૂંટણી બાદ**

# ગુજરાત યુવક કોંગ્રેસની પ્રથમ કારોબારી બેઠક યોજાઈ

**આ બેઠકમાં રાજ્યભરમાંથી યુવક કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા**

અમદાવાદ,તા.૨



અમદાવાદમાં આવેલા રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસની ૨૦૨૪ લોકસભા ચૂંટણી બાદની પ્રથમ કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યભરમાંથી યુવક કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં ગુજરાત યુવક કોંગ્રેસના નવનિયુક્ત પ્રભારી શશીસિંહ અને પ્રદેશ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમની સાથે પ્રદેશના ઉપપ્રમુખો, મહામંત્રીઓ, મંત્રીઓ, જિલ્લા પ્રમુખો અને વિધાનસભા પ્રમુખો પણ હાજર રહ્યા હતા. અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ સંદીપ ધાનાણી, તેજસ મસરાણી, જયરાજભાઈ ખુમાણ અને પ્રહલાદ સોલંકી પણ આ વિસ્તૃત કારોબારી બેઠકમાં સામેલ થયા હતા. બેઠક દરમિયાન આગામી કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. ૯ ઓગસ્ટે યુવક કોંગ્રેસ સ્થાપના દિવસ, ૧૫ ઓગસ્ટે સ્વાતંત્ર્ય દિવસ અને ૨૦ ઓગસ્ટે રાજીવ ગાંધી જન્મજયંતિ નિમિત્તે ગુજરાતના તમામ જિલ્લાઓમાં વિવિધ કાર્યક્રમો યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નેતાઓએ જિલ્લા મથકોએ આ કાર્યક્રમોનું સફળ આયોજન થાય તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

# જસદણના યુવાન ઉપર મહિલા સહિત પાંચ શખ્સોએ હુમલો કર્યો

જસદણ, તા.૨

ઓળખ પરેડમાં આરોપીને ઓળખવાની ના પાડનાર જસદણના યુવાન ઉપર મહિલા સહિત પાંચ શખ્સોએ હુમલો કર્યો હતો. જસદણમાં રહેતા અને ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા તૃષિત ભરતભાઈ ધોરડાએ આરોપી તેજસ ભરતભાઈ રાઠોડ, તેજસનો કૌટુંબિક ભાઈ લાલો, લાલાનો ભાઈ, તેજસના મમ્મી અને તેજસના કાકા ભરતભાઈ (રહે-તમામ જસદણ) સામે જસદણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી તેજસના ભાઈનું સુરત ખાતે ખૂન થયું હોય તેમાં ફરિયાદીએ બનાવ નજરે જોયો ન હોય અને ફરિયાદી ઓળખ પરેડમાં ઓળખી ન શકતા તેનો ખાર રાખી આરોપીઓએ લાકડી વડે હુમલો કરી તેમજ ઢીકાપાટુનો માર મારી ઈજા કરી હતી. જસદણ પોલીસે ઉકત પાંચેય શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જસદણમાં ૨૫૦ જેટલા દિવ્યાંગોને સાધન સહાય વિતરણ કરવામાં આવી

જસદણ, તા.૨



રાજ્યના જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાની અધ્યક્ષતામાં જસદણની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે દિવ્યાંગ સાધન સહાય એસેસમેન્ટ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૨૫૦ જેટલા દિવ્યાંગોને વિવિધ સાધનોનું મંત્રીના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે, માનવ સેવા એ જ પ્રભુ સેવાના ઉદ્દેશ્ય સાથે ભારત સરકાર તેમજ રાજ્ય સરકારના સહયોગથી રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૨૫૦ જેટલા દિવ્યાંગ લાભાર્થીઓને ઘર આંગણે જ વિવિધ સાધન સહાયનો લાભ આપવા માટે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય તથા મધ્યપ્રદેશના રતલામના એસ.આર. ટ્રસ્ટના માધ્યમથી દિવ્યાંગોને આ સાધનો વિનામૂલ્યે આપવામાં આવશે.

# કોડીનારના ડોળાસા ગામે બાયપાસ શરૂ થતા અમુક બસ ગામમાં ન આવતા રોષ

ડોળાસા,તા.૨

કોડીનારના ડોળાસા ગામે નવો બાયપાસ રોડ બનીને તૈયાર થઈ જતા વિધિવત ચાલુ કરવામાં આવ્યો છે, પરંતુ લોકોની સમસ્યા ઘટવાને બદલે વધી ગઈ છે. કારણ કે આ બાયપાસ બનતા કેટલીક બસ બારોબાર નીકળી જતી હોવાથી મુસાફરોને ભારે હાલાકી પડી રહી છે. ડોળાસાથી પસાર થતી તમામ બસને અહીં સ્ટોપ આપવામાં આવેલ છે અને ડોળાસા આસપાસના ૩૦ ગામનું મથક હોવાથી અહીં પુરતો ટ્રાફિક હોય છે, પરંતુ હવે બસના ડ્રાઈવરો બસને બારોબારથી કાઢી લેતા હોવાથી ગામના લોકો રાહ જોતા રહે છે અને છેવટે ગંતવ્ય સ્થાને પહોંચવામાં મોડું થઈ જાય છે. વારંવાર આવી ઘટના બનતા ગામલોકોમાં ભારે રોષ ફેલાયો છે અને હવે ડોળાસા ગામના લોકો દ્વારા આંદોલન કરવાની તૈયારી કરાઈ રહી હોવાનું સૂત્રો જણાવે છે.

# ગીરગઢડાના ફરેડા ગામમાં ધોળા દિવસે રસ્તા પર જ સિંહે ગાયનું મારણ કર્યું

ઉના,તા.૨



ગીર જંગલને અડી આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર વન્યપ્રાણી સિંહ, દીપડાઓ શિકારની શોધમાં આવી ચડતા હોય છે. ત્યારે આવી જ એક ઘટના બની હતી. જેમાં જંગલની બોર્ડરને અડી આવેલ ગીરગઢડાના ફરેડા ગામમાં ધોળા દિવસે બસ સ્ટેશન નજીક ડાલામથ્થાએ એક ગાય ઉપર હુમલો કર્યો હતો અને બાદમાં મારણની મિજબાની માણતા ગામલોકો તથા ત્યાંથી પસાર થતા વાહન ચાલકો તથા આજુબાજુની વાડી વિસ્તારનાં લોકો એકત્ર થઈ ગયા હતા અને લોકોમાં ભય ફેલાઈ ગયો હતો. જોકે રસ્તા પર જ પશુનું મારણ કરતા રસ્તા પરથી લોકોની અવરજવર થોડા સમય માટે બંધ થઈ ગઈ હતી અને લોકોએ આ મારણનો લાઈવ વીડિયો મોબાઈલમાં કેદ કર્યો હતો. આ ગાય ગાભણી હોય તેનાં મારણ બાદ તેનાં બચ્ચાંનું પણ મારણ કર્યું હતું. જે સમગ્ર ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયામાં ખૂબ વાયરલ થયો છે.

# અમરેલી જિલ્લાના ૬ તાલુકાઓમાં માત્ર વરસાદી ઝાપટા

**હવામાન ખાતાની આગાહી પરંતુ મેઘરાજાની સંતાકૂકડી**

અમરેલી,તા.૨

રાજયમાં હવામાન ખાતા દ્વારા હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. અન્ય જિલ્લાઓમાં તો યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. જો કે અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી મેઘરાજા સંતાકૂકડી રમી રહ્યાં છે. જિલ્લામાં ઘટાટોપ વાદળા છવાયેલા રહે છે પરંતુ મેઘો મન મૂકીને વરસતો નથી. જિલ્લામાં વરસાદી ઝાપટા જ વરસતા હોવાથી કાદવ-કિચડનું સામ્રાજય છવાયેલુ રહે છે. જિલ્લાના ૬ તાલુકામાં માત્ર હળવા ઝાપટા વરસ્યા હતા. સવારના ૬થી રાત્રિના ૮ વાગ્યા સુધી લીલીયામાં ૨ મિમી, અમરેલીમાં ૩ મિમી, બગસરામાં ૨ મિમી, ધારીમાં ૨ મિમી, જાફરાબાદમાં ૩ મિમી, રાજુલામાં ૩ મિમી વરસાદ નોંધાયો હતો.

# ખિલાવડ-ઈટવાયા રોડ પર એક સાથે ૧૩ સિંહોનું ટોળું પસાર થવાનો વીડિયો વાયરલ

ઉના, તા.૨



તસવીર : કૈલેશ ભટ્ટ

ગીર જંગલની બોર્ડર નજી આવેલ ગીરગઢડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર સિંહોનાં આટાફેરા જોવા મળતા હોય છે. ત્યારે રાત્રીના સમયે એક સાથે સિંહ પરિવારનું ટોળુ ગ્રામ્ય વિસ્તારમાં શિકારની શોધમાં નીકળ્યું હોય તેમ ગત રાત્રીના ગીરગઢડા તાલુકાના ખિલાવડ-ઈટવાયા રોડ પર એક સાથે ૧૩ સિંહોનું ટોળું રસ્તો પસાર કરતું જોવાં મળ્યું. જેનો વીડિયો એક કારમાં પસાર થતા વ્યક્તિએ બનાવી સોશિયલ મીડિયામાં મુકતા તે સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

# રાજકોટથી જેતપુર સુધી સિક્સ લેન રોડની કામગીરી શરૂ થઈ

રાજકોટ, તા.૨



રાજકોટથી જેતપુર સુધીમાં નેશનલ હાઈવે પર સીકસ લેન રોડ પ્રોજેક્ટ કામગીરીમાં ૨ નંગ મેજર બ્રિજ, ૨૮ નંગ માઈનોર બ્રિજ, ૨૦ નંગ ફ્લાયઓવર, ૧ કિમી એલિવેટેડ સ્ટ્રક્ચર, ૧૫ અંડરપાસ બનનાર છે. રાજકોટથી જેતપુર સુધીનાં નેશનલ હાઈવેના સિકસ લેન રોડ પ્રોજેક્ટ કામગીરીનો ધમધમાટ શરૂ થયો છે. નેશનલ હાઈવે વિભાગનાં સૂત્રોએ જણાવ્યું હતું. વડાપ્રધાન દ્વારા પ્રેરિત ભારત માલા પરિયોજના હેઠળ, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ૬૭.૪ કિલોમીટર લાંબા, એક્સેસ-નિયંત્રિત જેતપુર-રાજકોટ રોડને પહોળો કરવાનું શરૂ કર્યું. આ રોડ ગુજરાતના નેશનલ હાઈવે (NH-૨૭) પર બનાવવામાં આવ્યો છે. રાજકોટ અને જેતપુર એ ગુજરાતના સૌથી મહત્વપૂર્ણ શહેરમાંના એક છે, જે વેપાર અને પ્રવાસન બંને માટે મૂલ્યવાન છે. આ રસ્તો હિન્દુ યાત્રિકોને રામનાથ ધામ, સ્વામિનારાયણ મંદિર (ગોંડલ), જલારામ બાપા (વીરપુર), ખોડલધામ મંદિર, વગેરેની મુલાકાત લેવામાં મદદ કરશે અને ટ્રાફિક સમસ્યા હલ થશે.

# જસદણના યુવક પાસે નાણાની માંગણી કરી બિભત્સ ફોટા વાયરલ કર્યા

**પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી**

જસદણ,તા.૨

જસદણમાં રહેતા અને સિક્યુરિટી ગાર્ડમાં નોકરી કરતાં યુવાન પાસે પૈસા પડાવવા તેના ફોનમાં ડાઉનલોડ કરાયેલી એપમાંથી નંબર અને ગેલેરી વગેરે માહિતી મેળવી, લોન લીધી ન હોવા છતાં લીધાનું કહી રૂ.૧૫૦૦ ની માંગણી કરી તેના એડીટીંગ કરેલા અશ્લીલ ફોટા મિત્રો અને સંબંધીઓને મોકલી પરાણે પૈસા પડાવવાની કોશિશ કર્યાની જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. જસદણ પોલીસે આ અંગે યશ નામના યુવાનની ફરિયાદ પરથી ત્રણ ફોન નંબરના ધારક અને ગેઈમ એપના ધારક સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ બનાવ અંગે યશે પોલીસને જણાવ્યું છે કે, ગઈકાલે તે નોકરી પર હતો ત્યારે એક શખ્સે તેને કોલ કરી તમે કેન્ડી કશ એપમાંથી રૂ.૧૫૦૦ ની લોન લીધી છે તે રકમ અત્યારે ઓનલાઈન પેમેન્ટ કરી દે કહેતા તેણે કોઈ લોન લીધી નથી તેવો જવાબ આપ્યો હતો. આથી કોલ કરનાર શખ્સ તારા મોબાઈલ કોન્ટેક્ટ મારી પાસે આવી ગયા છે હું તારા ફોટા એડિટીંગ કરીને અશ્લીલ ફોટા તારા કોન્ટેક્ટ નંબરમાં વોટ્સએપમાં મોકલીશ તેમ કહેતા તેને ફરી તેના એડિટીંગ કરેલા અશ્લીલ ફોટા તેના મિત્રો અને કાકા વગેરેને મોકલ્યા હતા. એટલું જ નહીં વોટ્સએપમાં અલગ-અલગ નંબરો પરથી કોલ કરીને પૈસાની માંગણી કરતાં પોલીસમાં અરજી કરી હતી. તેણે એક ગેઈમની એપીકે એપ ડાઉનલોડ કરી હોય તેના ઉપર ભૂલથી કલીક થઈ જતા અને તેને પરમિશન આપી દેતા તેના કોન્ટેક્ટ સહિતની વિગતો ગઠીયા પાસે જતી રહી હતી. એટલું જ નહીં ગઠીયાઓએ પૈસા મોકલવા યુપીઆઈ આઈડી પણ આપ્યા હતા. આ બનાવમાં જસદણ પોલીસે અજાણ્યા આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ વતન પરત ફરવા લાગ્યા

# કેનેડાએ સ્ટડી વિઝાના નિયમો કડક કરતા કોલેજો નિર્જન

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૨

વિદેશથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ માટેના નિયમોમાં ફેરફારની સાથે કેનેડાની ટ્રૂડો સરકારે પણ કોલેજો પર કડકાઈ શરૂ કરી છે. અગાઉના વર્ષોની સરખામણીએ વિદ્યાર્થીઓની સંખ્યામાં ૩૫ ટકાનો ઘટાડો થયો છે. તે જ સમયે, ઘણી ખાનગી કોલેજો દ્વારા તેમના કેમ્પસ ખોલીને ચલાવવામાં આવતી રમતો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ કાર્યવાહીને કારણે ત્યાંના કોલેજ કેમ્પસ નિર્જન થવા લાગ્યા છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પંજાબ પરત ફરવા લાગ્યા છે. ખાસ વાત એ છે કે પંજાબના ઘણા પ્રખ્યાત લોકો કેનેડામાં કોલેજ કેમ્પસ ખોલીને બિઝનેસ ચલાવતા હતા. નવા નિયમો અનુસાર હવે કેમ્પસ કોલેજોમાંથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વર્ક પરમિટ મેળવી શકશે નહીં. કેનેડાએ વિદેશથી આવતા વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ વિઝાની સંખ્યા ઘટાડીને ૩.૬૦ લાખ કરી દીધી છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૩૫ ટકા ઓછી છે. વિદેશમાંથી કેનેડામાં અભ્યાસ



કરવા આવતા વિદ્યાર્થીઓમાં ભારતીયોની સંખ્યા સૌથી વધુ છે. હાલમાં, ૨.૩ લાખ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડામાં અભ્યાસ કરી રહ્યા છે, પરંતુ આગળ જતા લોકોની સંખ્યામાં ૮૦ ટકાથી વધુનો ઘટાડો થઈ રહ્યો છે. જલંધરના કપૂરથલા ચોક પાસે એજન્ટે એક મોટું કોલેજ કેમ્પસ બનાવ્યું અને તેની સીટો વેચીને અબજો રૂપિયા કમાયા. એ જ રીતે પંજાબના ચાર ડઝન જેટલા એજન્ટો કેનેડા ગયા હતા અને ત્યાં કેમ્પસ ખોલીને અઢળક પૈસા કમાયા હતા, પરંતુ હવે નવા નિયમો અનુસાર આ ઓપરેટરોના કેમ્પસમાં ભણતા વિદ્યાર્થીઓને વર્ક પરમિટ નહીં મળે. આવી સ્થિતિમાં આ કેમ્પસ નિર્જન બની રહ્યા છે.

ઓપન વર્ક પરમિટ ફક્ત તે વિદેશી વિદ્યાર્થીઓના જીવનસાથીઓને આપવામાં આવશે જેઓ માસ્ટર્સ અથવા ડોક્ટરલ પ્રોગ્રામ કરી રહ્યા છે. સ્નાતક અથવા કૉલેજ વિદ્યાર્થીઓના જીવનસાથી માટે કોઈ ઓપન વર્ક પરમિટ હશે નહીં. આ સાથે નકલી લગ્નો પર રોક લગાવવામાં આવી છે.

- સ્ટુડન્ટ વર્ક પરમિટ માટે નવા દસ્તાવેજની જરૂર પડશે, જે પ્રમાણિત કરવાનો પત્ર છે. તે કેનેડિયન પ્રાંત દ્વારા જારી કરવામાં આવે છે જેમાં અરજદારને રહેવાની મંજૂરી આપવામાં આવી છે. કેનેડામાં, પ્રાંતીય સરકારને કઈ કોલેજને કેટલી બેઠકો ફાળવવી તેનો અધિકાર હશે. આ બેઠકો તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અંદર બનેલી હોસ્ટેલ પર નિર્ભર રહેશે.

# સ્વાતંત્ર્ય પર્વ પર હુમલો કરવા ભારતીય સેનાના શીખ સૈનિકોને ઉશ્કેરતો ખાલિસ્તાની આતંકવાદી પન્નુ

(એ.આર.એલ),ટોરેન્ટો,તા.૨



સ્વતંત્રતા દિવસ નજીક આવતા જ ખાલિસ્તાની સમર્થક અને આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુ ફરી એકવાર સક્રિય થઈ ગયો છે. પન્નુનું ધ્યાન હવે સેનામાં ભરતી થયેલા શીખ સૈનિકો પર છે. પોતાની યોજનાઓને પૂર્ણ કરવા માટે પન્નુએ શીખ સૈનિકોને પૈસાની લાલચ આપીને દેશભક્તિની વિરુદ્ધ જવાની સલાહ આપી છે.

પન્નુએ વિદેશની ધરતી પર રહીને વિવિધ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક નવો વીડિયો વાયરલ કર્યો છે. શીખ ફોર જસ્ટિસના આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ વીડિયોમાં કહ્યું છે કે શીખ સૈનિકો, આ ભારતનો ૭૮મો સ્વતંત્રતા દિવસ છે. પરંતુ તમે તમારો પરિવાર, શીખો આઝાદ નથી અને હજુ પણ ગુલામ છો.

પન્નુએ કહ્યું કે શીખ સૈનિકોએ ૧૯૮૪ને ભૂલવું જોઈએ નહીં, જ્યારે ગોલ્ડન ટેમ્પલ પર હુમલો થયો હતો અને શીખોનો નરસંહાર થયો હતો. આજે પણ દિલ્હીમાં શીખોની વિધવા વસાહત છે. શીખ પાઘડી અને ટોપી અને કેસરી અને ખાકી વચ્ચે આ જ તફાવત છે. જો શીખ સૈનિકો સ્વતંત્રતા દિવસ પર ત્રિરંગો સળગાવે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રોકે તો તેમને ૫ લાખ ડોલર આપવામાં આવશે.

# મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને તેમની પત્નીને કારણદર્શક નોટિસ આપતા કર્ણાટક રાજ્યપાલ

**ભાજપે આ કેસની તપાસ સીબીઆઈને સોંપવાની અને મુખ્યમંત્રીના રાજીનામાની માંગણી કરી હતી**





(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૨

કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાને તેમની પત્ની પાર્વતી સહિત વિવિધ લોકોને મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા કરવામાં આવેલી જમીનની ફાળવણી અંગેના આરોપો અંગે જવાબ માંગવા માટે કારણ બતાવો નોટિસ જારી કરી છે. ૨૫ જુલાઈના રોજ ભાજપના ધારાસભ્યોના પ્રતિનિધિમંડળે મેમોરેન્ડમ સુપરત કર્યા બાદ આ પગલું લેવામાં આવ્યું હતું.

ભાજપે આ કેસની તપાસ સીબીઆઈને સોંપવાની અને મુખ્યમંત્રીના રાજીનામાની માંગણી કરી હતી. સત્તાધારી કોંગ્રેસ આ પગલાથી નારાજ છે. ગુરુવારે, રાજ્ય સરકારે રાજ્યપાલને નોટિસ પાછી ખેંચવાની કડક સૂરમાં 'સલાહ' આપી હતી. રાજભવનના સૂત્રોએ જણાવ્યું કે, 'મેમોરેન્ડમ સબમિટ કરવામાં આવ્યું હોવાથી રાજ્યપાલે મુખ્યમંત્રી પાસેથી જવાબ માંગવો જરૂરી બની ગયો છે. તે મુજબ રાજ્યપાલે મુખ્યમંત્રીનો જવાબ માંગ્યો છે.

ગેહલોતે નોટિસમાં પૂછ્યું છે કે કથિત એમયુડીએ જમીન ફાળવણી કૌભાંડના સંબંધમાં કાર્યવાહી કરવાની મંજૂરી શા માટે આપવામાં આવી નથી. રાજ્ય સરકારનું કહેવું છે કે રાજ્યપાલની કાર્યવાહી કોંગ્રેસ સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ છે. રાજ્ય મંત્રી પરિષદે કારણ બતાવો નોટિસ પર વિચાર કર્યો.

# ભૂસ્ખલન બાદ હિમાચલપ્રદેશ ભૂકંપના આંચકાથી ધણધણ્યું, લોકોમાં ફફડાટ

(એ.આર.એલ),શિમલા,તા.૨

હિમાચલ પ્રદેશમાં વધુ એક આફત આવી છે. આભ ફાટ્યાની ઘટના બાદ ભૂસ્ખલન થયું હતું. જેના બાદ હવે આજે વહેલી સવારે ભૂકંપના આંચકાથી લોકોમાં ફફડાટ ફેલાયો છે. માહિતી અનુસાર લાહોલ સ્પીતિમાં ધરતીકંપ આવતા પહેલાથી જ તકલીફ સહન કરી રહેલા લોકો વધુ ડરી ગયા હતા. આ વખતે ભૂકંપની તીવ્રતા ૩.૨ મપાઈ હતી. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યાનુસાર આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ૫ કિલોમીટર ઊંડે મપાયું હતું. જોકે હાલ કોઈ પણ પ્રકારની જાનહાનિના અહેવાલ સામે આવ્યા નથી. ઉલ્લેખનીય છેકે હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટવાને કારણે ૭ લોકોના મોત થયા હતા. જ્યારે આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૫૦ લોકો ગુમ થયા છે. વાદળ ફાટ્યા પછી, ભૂસ્ખલનને કારણે ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા છે, ભારે વરસાદ, વાદળ ફાટવા અને ભૂસ્ખલન જેવી કુદરતી આફતોનો સામનો કરી રહેલા હિમાચલ પ્રદેશમાં હવે ભૂકંપનો આંચકો આવતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.



# 'ચક્રવ્યૂહ ભાષણ પર મારા ઘરે ઈડીની રેડ પડશે' વિપક્ષ નેતા રાહુલ ગાંધીનો દાવો

નવીદિલ્હી,તા.૨



લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે ઈડી એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તેમની સામે દરોડા પાડવાની યોજના બનાવી રહ્યું છે. તેમનું કહેવું છે કે 'ચક્રવ્યુહ' ભાષણ પછી આ કાર્યવાહીની તૈયારીઓ કરવામાં આવી રહી છે. હકીકતમાં, સામાન્ય બજેટ ૨૦૨૪ પર વાત કરતી વખતે, કોંગ્રેસના સાંસદે કમળના પ્રતીકનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ૨૧મી સદીમાં એક નવું ચક્રવ્યુહ બની રહ્યું છે. માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ એકસ પર રાહુલે લખ્યું, 'દેખીતી રીતે તેને મારું ચક્રવ્યુહ ભાષણ પસંદ ન આવ્યું. ઈડીના આંતરિક સૂત્રોએ મને કહ્યું છે કે દરોડાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે પોસ્ટમાં ઈડીને ટેગ કરીને આગળ લખ્યું, 'મારી બાજુથી ચા અને બિસ્કિટ.' રાહુલ ગુરુવારે કેરળના વાયનાડ પહોંચ્યા હતા.

રાહુલે કહ્યું હતું કે, 'હજારો વર્ષ પહેલા કુરુક્ષેત્રમાં ૬ લોકોએ અભિમન્યુને ચક્રવ્યૂહમાં ફસાવીને તેની હત્યા કરી હતી.

# ઉત્તર ભારતમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત, જાનમાલને નુકસાન





(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨

દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત છે. કેરળ, હિમાચલ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદના પગલે ભૂસ્ખલનની ઘટનાઓ બની છે. જેના કારણે જાનમાલનું મોટું નુકસાન થયું છે. હિમાચલની જેમ ઉત્તરાખંડમાં પણ સ્થિતિ ગંભીર છે. ટિહરી અને કેદારનાથના ભીમબલીમાં વાદળ ફાટવાના કારણે ભારે તબાહી મચી છે. હિમાચલમાં વાદળ ફાટવાથી મંડી, શિમલા, કુલ્લુમાં ભારે તારાજી સર્જાઈ છે. આ જિલ્લાઓમાં અનેક મકાનો, શાળાઓ, હોસ્પિટલોને નુકસાન થયું છે. આ ઉપરાંત શિમલાના રામપુરના ઝાકરીમાં વાદળ ફાટ્યા પછી પૂરની સ્થિતિ સર્જાઈ હતી. જેના કારણે ૨૨ લોકો ગુમ થયા છે. આ ઉપરાંત મંડીના રાજવાન ગામમાં વાદળ ફાટવાથી પૂર આવ્યું હતું. આ ત્રણેય જિલ્લામાં રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, હિમાચલ માટે હજુ ત્રણ વધુ ભારે દિવસો છે. રાજ્યમાં ઘણી જગ્યાએ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જેમાં કાંગડા, કુલ્લુ, મંડી, શિમલા, ચંબા અને સિરમૌરમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને કાચા મકાનોને નુકસાન થવાની આશંકા વ્યક્ત કરી છે.

હિમાચલ પ્રદેશમાં બુધવારે મધ્યરાત્રિએ છ જગ્યાએ વાદળ ફાટવાથી ભારે વિનાશ થયો હતો. સમેજમાં ૩૬, મંડીના બાગીપુલ અને રાજબનમાં પાંચ-પાંચ લોકો ગુમ છે. શુક્રવારે ચૌહર ઘાટીના રાજબનમાં સર્ચ ઓપરેશન દરમિયાન વધુ બે મૃતદેહ મળી આવ્યા હતા. અત્યાર સુધીમાં કુલ પાંચ મૃતદેહો મળી આવ્યા છે.

પાંચ હજુ પણ ગુમ છે. નોંધનીય છે કે બુધવારે રાત્રે કુલ્લુ જિલ્લાના નૈન સરોવર, ભીમદ્વારી, મલાના, મંડીમાં રાજબન, ચંબાના રાજનગર અને લાહૌલમાં જહાલમામાં વાદળ ફાટ્યા હતા. વાદળ ફાટવાના કારણે ૪૭ મકાનો, ૧૦ દુકાનો, ૧૭ પુલ, ત્રણ શાળા, એક દવાખાનું, એક બસ સ્ટેન્ડ, ૩૦ વાહનો, બે પાવર પ્રોજેક્ટ અને એક ડેમ ધોવાઈ ગયા હતા.

## શેરબજાર : સપ્તાહના છેલ્લાં દિવસે સેન્સેક્સ ૮૮૫ પોઈન્ટ ગગડ્યો, નિફ્ટી ૨૪,૭૨૧ પર બંધ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨

ભારતીય શેરબજાર ટ્રેડિંગ સપ્તાહના છેલ્લા દિવસે ભારે ઘટાડા સાથે રેડ ઝોનમાં બંધ થયું હતું. બીએસઈ પર સેન્સેક્સ ૮૮૫ પોઈન્ટના ઘટાડા સાથે ૮૦,૯૮૧.૯૫ પર બંધ રહ્યો હતો. જ્યારે એનએસઈ પર નિફ્ટી ૧.૧૬ ટકાના ઘટાડા સાથે ૨૪,૭૨૧.૭૫ પર બંધ થયો હતો. કારોબારી સપ્તાહના અંતિમ દિવસે શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી. બીએસઈ પર સેન્સેક્સ ૯૪૭ પોઈન્ટના ઘટાડા સાથે ૮૦,૯૧૯.૯૫ પર બંધ રહ્યો હતો.

**સુપ્રીમ કોર્ટે હરિયાણા અને પંજાબ સરકારને કહ્યું કે અમે આ મામલે ઉકેલ ઈચ્છીએ છીએ**

# હરિયાણા-પંજાબને સુપ્રીમની તાકિદ : રાષ્ટ્રહિતમાં ખેડૂતોનો મુદ્દો ઉકેલો નહીતર કોર્ટ હસ્તક્ષેપ કરશે

નવીદિલ્હી તા.૨

સુપ્રીમ કોર્ટે શંભુ બોર્ડર અંગે હરિયાણા અને પંજાબને કહ્યું કે, કાં તો બંને રાજ્યોએ રાષ્ટ્રહિતમાં ખેડૂતોનો મુદ્દો ઉકેલવો જોઈએ, નહીં તો કોર્ટ હસ્તક્ષેપ કરશે. સરહદ ખોલવી જ છે કે અરજદાર પાસે કેટલાક સારા સૂચનો છે, કહો કે જો એમ્બ્યુલન્સ અથવા કાર વરિષ્ઠ નાગરિકોને લઈને આવતી હોય તો તેઓ પગપાળા જઈ શકતા નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેણે બંને રાજ્ય સરકારોને અમારા સૂચનો પર વિચાર કરવા અને અમને જણાવવા કહ્યું છે કે હાલમાં શંભુ સરહદ પર સ્થિતિ યથાવત રહેશે. આગામી સુનાવણી ૧૨ ઓગસ્ટના રોજ થશે. અગાઉ, હરિયાણા વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે છેલ્લી સુનાવણી દરમિયાન, કોર્ટે એક નિષ્ણાતનું નામ આપવા કહ્યું હતું જે સરકાર અને આંદોલનકારી ખેડૂતો સાથે વાત કરી શકે. નામ ફાઈનલ કરવામાં સમય લાગી રહ્યો છે, તેથી સુનાવણી શુક્રવાર સુધી મુલતવી રાખવી જોઈએ.



# ઈરાનમાં હમાસના વડાની હત્યા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ : એર ઈન્ડિયાએ ઈઝરાયેલ જતી ફ્લાઈટ બંધ કરી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨

ઈરાનમાં હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ ચરમસીમા પર છે. ઈરાને હાનિયાના મોતનો બદલો લેવા ઈઝરાયેલ પર હુમલો કરવાની ધમકી આપી છે. ઈઝરાયેલ હાઈ એલર્ટ પર છે. આવી સ્થિતિને જોતા ભારતીય એરલાઈન્સ કંપની એર ઈન્ડિયાએ ભારત અને ઈઝરાયેલની રાજધાની તેલ અવીવ વચ્ચે ફ્લાઈટ સેવાઓ બંધ કરવાનો નિર્ણય લીધો છે. એર ઈન્ડિયાએ એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'પશ્ચિમ એશિયાની સ્થિતિને ધ્યાનમાં રાખીને અમે તેલ અવીવ માટે તાત્કાલિક અસરથી પ્રસ્તાવિત ઓપરેશનને રોકવાનો નિર્ણય લીધો છે. તેલ અવીવથી આવતી અને અહીંથી તેલ અવીવ જતી ઉડ્ડયન સેવાઓ હાલમાં ૮ ઓગસ્ટ, ૨૦૨૪ સુધી બંધ છે. અમે સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ. એર ઈન્ડિયાએ સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે, 'જે મુસાફરોએ આ સમયગાળા દરમિયાન તેમની ટિકિટ બુક કરાવી છે, જો તેઓ ફરીથી ટિકિટ બુક કરશે તો તેમને એક વખતનું ડિસ્કાઉન્ટ અને કેન્સલેશન ચાર્જમાંથી રાહત આપવામાં આવશે. અમારા મુસાફરોની સુરક્ષા અમારી પ્રથમ પ્રાથમિકતા છે. વધુ માહિતી માટે તમે અમને ૦૧૧-૬૯૩૨૯૩૩૩ / ૦૧૧-૬૯૩૨૯૯૯૯ પર કૉલ કરી શકો છો. બુધવારે ઈરાનમાં હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હાનિયાની હત્યા કરવામાં આવી હતી. હમાસે આ માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું હતું.



# જો બાઈડેનનું નેતન્યાહૂને વચન : ઈરાન જો ઈઝરાયેલ પર હુમલો કરશે તો અમેરિકા મદદે આવશે

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૨



અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને ગુરુવારે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી હતી. આ વાતચીત દરમિયાન બાઈડેને વચન આપ્યું હતું કે અમેરિકા ઈરાનના કોઈપણ હુમલાથી ઈઝરાયેલનું રક્ષણ કરશે. ઉલ્લેખનીય છે કે ઈરાનમાં હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ વધી ગયો છે અને ઈરાને ઈઝરાયેલને હુમલાની ધમકી આપી છે. બાઈડેન ઉપરાંત રાષ્ટ્રપતિ પદના દાવેદાર કમલા હેરિસે પણ બેન્જામિન નેતન્યાહુ સાથે ટેલિફોન પર વાત કરી હતી.

હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હાનિયાની સાથે ઈઝરાયેલે તાજેતરમાં જ બેરુતમાં હિઝબુલ્લાહના ટોચના કમાન્ડર ફુઆદ શુકરની હત્યા કરી હતી. આવી સ્થિતિમાં હિઝબુલ્લાહ પણ ઈઝરાયેલ સામે જવાબી કાર્યવાહી કરી શકે છે. જો કે ઈઝરાયેલ સરકારે હજુ સુધી ખુલ્લેઆમ સ્વીકાર્યું નથી કે ઈસ્માઈલ હાનિયાની હત્યા પાછળ તેનો હાથ છે, પરંતુ ઈઝરાયેલે તેનો ઈન્કાર પણ કર્યો નથી.

# પ્રથમ વનડેમાં ભારે સંઘર્ષ બાદ ભારત-શ્રીલંકા વચ્ચે મેચ ડ્રો થઈ

કોલંબો, તા.૨



ભારત અને શ્રીલંકા વચ્ચે રમાયેલી પ્રથમ વનડે મેચમાં ભારત અને શ્રીલંકા વચ્ચે મેચ ટાઈ થઈ હતી. પ્રથમ દાવ લઈને શ્રીલંકાએ નિર્ધારિત ૫૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૨૩૦ રન બનાવ્યા હતા. લંકાની ટીમ તરફથી દુનિથ વેલ્લાગે અને પથુમ નિસાંકાએ અર્ધી સદી ફટકારી હતી. દુનિથ વેલ્લાગેએ સર્વાધિક ૬૭ રન બનાવ્યા હતા. તો વાનિંદુ હસરંગાએ ૨૪ રનનું યોગદાન આપ્યું હતું. ભારત તરફથી અર્શદીપ સિંહે ૨, સિરાજે ૧, કુલદીપ ૧, સુંદર ૧, શિવમ દુબેએ ૧ અને અક્ષર પટેલે ૨ વિકેટ ઝડપી હતી. જવાબમાં ભારત તરફથી રોહિત શર્માએ ૫૮, શુભમન ગીલે ૧૬, કોહલીએ ૨૪ અને વોશિંગ્ટન સુંદરે ૫ જ્યારે શ્રેયસ ઐયરે ૨૩ રન બનાવ્યા હતા અને કે.એલ. રાહુલના ૩૧ અને અક્ષર પટેલના ૩૩ મહત્વના રનની મદદથી ભારતે ૧૦ વિકેટ ગુમાવીને ખુબ રસાકસીના અંતે ૨૩૦ રન બનાવતા મેચ ડ્રોમાં પરિણમી હતી.

# ઔરંગાબાદનું નામ બદલીને છત્રપતિ સંભાજી નગર અને ઉસ્માનાબાદનું નામ ધારાશિવ કરવાનો નિર્ણય

(એ.આર.એલ),મુંબઈ,તા.૨




ઔરંગાબાદનું નામ બદલીને છત્રપતિ સંભાજી નગર અને ઉસ્માનાબાદનું નામ બદલીને ધારાશિવ કરવા સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. દેશની સર્વોચ્ચ અદાલતે આ અરજી ફગાવી દીધી હતી. હકીકતમાં, અરજદારોએ અગાઉ બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, જેણે રાજ્ય સરકારના નિર્ણયમાં કોઈ કાનૂની પડકાર જોયો ન હતો અને તેને સમર્થન આપ્યું હતું. આ પછી અરજદારો હાઈકોર્ટના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. તેમને આશા છે કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય તેમની તરફેણમાં આવશે. જો કે, આવું ન થયું અને કોર્ટે અરજી ફગાવી દીધી અને મહારાષ્ટ્ર સરકારના નિર્ણયને લીલી ઝંડી આપી દીધી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે નામ બદલવું એ સરકારનો અધિકાર છે. તેને ન્યાયિક સમીક્ષાની જરૂર નથી. તમારી વાત સાંભળ્યા બાદ જ હાઈકોર્ટે વિગતવાર આદેશ આપ્યો છે. અગાઉ ૮ મેના રોજ હાઈકોર્ટે ઔરંગાબાદનું નામ બદલીને છત્રપતિ સંભાજી નગર અને ઉસ્માનાબાદનું નામ બદલીને ધારાશિવ કરવાના રાજ્ય સરકારના નિર્ણયને માન્ય રાખ્યો હતો.

# ગુજરાત સહિત દેશભરમાં યોજાશે "૨૧મી પશુધન વસ્તી ગણતરી"

અમરેલી,તા.૨

દેશની ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂત કરવામાં તેમજ ખેડૂતોને આર્થિક સ્થિરતા પ્રદાન કરવામાં પશુપાલન વ્યવસાય અને વિવિધ સંવર્ગના પશુધન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગુજરાતના અનેક ખેડૂતો આજે પશુપાલન વ્યવસાય થકી સમૃદ્ધ બન્યા છે. પશુપાલન અને ડેરી ક્ષેત્રના વિકાસ માટેની નીતિઓ, કાર્યક્રમો તથા વિવિધ કલ્યાણકારી યોજનાઓના ઘડતર ઉપરાંત અનેક મહત્ત્વના નિર્ણયો માટે પશુધન સંબંધિત અદ્યતન ડેટા સંગ્રહ હોવો ખૂબ જ જરૂરી છે. આ ડેટા એકત્રિત કરવા માટે ભારત સરકાર દ્વારા આગામી સપ્ટેમ્બરથી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન સમગ્ર દેશમાં "૨૧મી પશુધન વસ્તી ગણતરી" હાથ ધરવામાં



આવશે. ૨૧મી પશુધન વસ્તી ગણતરીના અદ્યતન અને સચોટ ડેટાના આધારે આગામી પાંચ વર્ષ દરમિયાન ભારત સરકાર અને રાજ્ય સરકાર પશુપાલન ક્ષેત્રનો વિકાસ સુનિશ્ચિત કરશે. પશુધનની સંખ્યા અને વિવિધ જાતોના આધારે નવી યોજના બનાવવામાં, જૂની યોજનામાં સુધારા કરવામાં, પશુ આરોગ્ય સેવાઓનો વધારો કરવામાં, આપત્તિના સમયે પશુ ચારાની આવશ્યકતા તેમજ પશુ રસીકરણ જેવી અનેક બાબતોમાં આ ડેટા આધારસ્તંભ બનશે.

# ગીર સોમનાથના ધામળેજ દરિયા કિનારે ચાર કરોડનું ડ્રગ્સ ઝડપાયું

(એ.આર.એલ), ગીરસોમનાથ,તા.૨

સૌરાષ્ટ્રના દરિયા કિનારેથી વધુ એક વખત ડ્રગ્સનો જથ્થો ઝડપાતા ચકચાર મચી ગઈ છે. ગીર સોમનાથના ધામળેજ દરિયાકિનારેથી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ ડ્રગ્સ ચરસ હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. દરિયા કિનારેથી મળેલા આ ચરસની કિંમત અંદાજે ચાર કરોડ રુપિયા હોવાનું અનુમાન છે.

આ બનાવની વિગત મુજબ એસઓજી અને પેટ્રોલિંગ અધિકારીઓએ માહિતીને આધારે આ રેડ પાડી હતી. જેમાં દરિયા કિનારે પેટ્રોલિંગ દરમિયાન ચરસના ૯ પેકેટ મળી આવ્યા હતા. ચરસનો આ જથ્થો મળી આવ્યા બાદ એફએસએલની મદદ લેવામાં આવી રહી છે. હાલમાં ચરસનો



આ જથ્થો ક્યાંથી આવ્યો અને કોને ડિલીવરી કરવાની હતી તે અંગે અધિકારીઓ ઝીણવટભરી તપાસ કરી રહ્યા છે. મળતી માહિતી અનુસાર, સૂત્રાપાડાના ધામળેજ ગામે દરિયા કિનારે બિનવારસી હાલતમાં નવ પેકેટ પડ્યા હોવાની માહિતી મળતાં એસઓજીની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આ પેકેટનું એફએસએલ અધિકારી પાસે પરિક્ષણ કરાવતાં ચરસ હોવાનું સામે આવ્યું હતું.

# જૂનાગઢ સક્કરબાગના સિંહ-સિંહણ ઉદયપુર ઝૂની શોભા વધારશે

**બદલામાં સજ્જનગઢ ઝૂમાંથી ૧૪ જેટલા પ્રાણીઓને મંગાવવામાં આવ્યા**

જૂનાગઢ,તા.૨

જૂનાગઢના સક્કરબાગ ઝૂના સિંહ, સિંહણ ઉદયપુરના સજ્જનગઢ ઝૂની શોભા વધારશે. અહીંથી સિંહની જોડીને મોકલવામાં આવી છે, બદલામાં ૧૪ પ્રાણીઓને મંગાવાયા છે.



આ અંગે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના નિયામક અક્ષય જોશીએ જણાવ્યું કે, એનિમલ એક્ષ્ચેન્જ પ્રોગ્રામ હેઠળ આ કામગીરી કરાઈ છે. આમાં જૂનાગઢ સક્કરબાગના સિંહ અને સિંહણને ઉદયપુરના સજ્જનગઢ ઝૂમાં મોકલાયા છે. બદલામાં સજ્જનગઢ ઝૂમાંથી ૧૪ જેટલા પ્રાણીઓને મંગાવવામાં આવ્યા છે. આ પ્રાણીઓને હવે સક્કરબાગ ઝૂના મુલાકાતીઓ માટે ડિસ્પ્લે એરિયામાં રાખવામાં આવશે. આ તમામ પ્રાણીઓ તંદુરસ્ત અવસ્થામાં છે.

# બે મહિનામાં રાજયમાં ૧૯ ટકાથી વધુ વરસાદ નોંધાયો

અમદાવાદ,તા.૨

ગુજરાત રાજ્યમાં આગામી પાંચ દિવસના વાતાવરણની વાત કરવામાં આવે તો આજે અને આવતીકાલે સમગ્ર ગુજરાત રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. અત્યારસુધીમાં ૧ જૂનથી ૧ ઓગસ્ટ સુધીના બે મહિનામાં સમગ્ર ગુજરાત રાજ્યમાં જરૂરિયાત કરતા ૧૯ ટકા વધુ વરસાદ નોંધાયો છે. બે મહિનામાં સમગ્ર ગુજરાત રાજ્યમાં ૩૮૯ મિમી જરૂરિયાત સામે અત્યારસુધીમાં ૪૬૪ મિમી વરસાદ વરસી ચુક્યો છે. આ ઉપરાંત હજુ પણ આગામી પાંચ દિવસ ગુજરાતમાં વરસાદની શક્યતા છે. જેમાં હવામાન વિભાગ દ્વારા રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદની શક્યતા મુજબ એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં આજે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ઓરેન્જ તથા ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

**ગુજરાત હાઇકોર્ટે ચુકાદો આપ્યો**

# ઘરેલું હિંસામાં વેરીફાઇડ કોલ રેકોર્ડિંગ પુરાવા તરીકે માન્ય રહેશે

અમદાવાદ,તા.૨

ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે ઘરેલું હિંસામાં વેરીફાઇડ કોલ રેકોર્ડિંગ પુરાવા તરીકે માન્ય રહેશે. કોર્ટે આજે એક કેસની સુનાવણીમાં કહ્યું કે કોમ્પેક્ટ ડિસ્ક પર વોઈસ રેકોર્ડિંગ, હેશ વેલ્યુ અને સર્ટિફિકેશન સાથે, ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ હેઠળની કાર્યવાહીમાં પુરાવા તરીકે સ્વીકાર્ય છે. આજે કોર્ટે આપેલ આ આદેશ મહત્વનો બની ગયો છે કારણ કે હવે ઝઘડતા દંપતીઓ માટે ઘરેલું હિંસા સંબંધિત કેસોમાં કોર્ટ સમક્ષ ટેલિફોન રેકોર્ડિંગ મૂકીને ક્રૂરતાનો દાવો સ્થાપિત કરવાનું સરળ બનશે. હાઈકોર્ટે રેકોર્ડ કરેલા અવાજો માટે કયા પ્રકારની ચકાસણી જરૂરી છે તે નક્કી કરવા સંબંધિત કેસના મેજિસ્ટ્રેટ પર છોડી દીધું છે. વેરિફિકેશન જીવનસાથી દ્વારા કરી શકાય છે, અથવા મેજિસ્ટ્રેટ પણ તેમને ઓળખી શકે છે અને તેની સરખામણી કરી શકે છે જો તેણે/તેણીએ તેમની પરીક્ષા દરમિયાન પક્ષકારોને સાંભળ્યા હોય. હાઈકોર્ટે સ્પષ્ટતા કરી હતી કે મેજિસ્ટ્રેટ પતિ અથવા પત્નીને ઓળખના હેતુ માટે ફોરેન્સિક વિશ્લેષણ માટે વૉઈસ સેમ્પલ આપવા માટે નિર્દેશ આપી શકે છે.

# રાજ્યમાં ચાંદીપુરા વાયરસનો કહેર, સાબરકાંઠા અને સુરેન્દ્રનગરમાં મોતનો આંક વધ્યો

અમદાવાદ,તા.૨

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસ ઝડપી ફેલાઈ રહ્યો છે. રાજ્યમાં ચાંદીપુરા વાયરસથી થતા મોતમાં વધારો થયો છે. સાબરકાંઠા અને સુરેન્દ્રનગરમાં વાયરસના કારણે બાળકોના મોત થયા છે. જયારે મહેસાણામાં ચાંદીપુરાના શંકાસ્પદ વધુ બે કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થયુ છે.

સાબરકાંઠામાં શંકાસ્પદ ચાંદીપુરાથી બાળકના મોત સાથે જિલ્લામાં ચાંદીપુરા વાયરસના કારણે મૃત્યુ આંક ૮ પર પહોંચ્યો છે. આ બાળકને ઝાડા-ઉલટી અને તાવની ફરિયાદ બાદ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયું હતું. જ્યાં સારવાર દરમ્યાન બાળકનું મોત થયું હતું. મહેસાણામાં શંકાસ્પદ ચાંદીપુરાના વધુ બે કેસ નોંધાયા. આ ઉપરાંત કડીના ઈન્દ્રાડ, વિસનગરના હસનપુરમાં શંકાસ્પદ કેસ નોંધાયા. આ સાથે જિલ્લામાં ચાંદીપુરા વાયરસના કુલ ૧૨ શંકાસ્પદ કેસ નોંધાયા. મહેસાણામાં શંકાસ્પદ કેસ નોંધાયા તેમાં ૧૨ પૈકી પાંચ પોઝિટિવ કેસ હોવાની વિગત સામે આવી છે. જેમાં ઈન્દ્રાડ ગામના ત્રણ વર્ષના બાળક અને હસનપુર ગામની ૧૦ વર્ષની બાળકીને શંકાસ્પદ વાયરસ હોવાનું નોંધાયું છે. સુરેન્દ્રનગરમાં ચાંદીપુરાથી ૨ બાળકોના મોત બાદ આરોગ્ય વિભાગ જાગ્યું છે.

# ગણેશ જાડેજા સામે ચાર્જશીટ રજૂ

(એ.આર.એલ),જૂનાગઢ,તા.૨

જૂનાગઢના ચકચારી કેસમાં ગણેશ જાડેજાની મુશ્કેલીમાં વધારો થયો છે. જૂનાગઢમાં ગણેશ જાડેજા સામે ચાર્જશીટ રજૂ કરાઈ છે. યુવાનને માર મારવાના કેસમાં ચાર્જશીટ રજૂ થઈ છે. તેમાં પોલીસે જૂનાગઢ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી છે. જેમાં પુરાવાઓનો નાશ સહિતની કલમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

યુવાનને માર મારવાના કેસમાં ચાર્જશીટ રજૂ કરાઈ છે.



જેમાં પુરાવાઓનો નાશ સહિતની કલમોનો ઉલ્લેખ કરાતા હવે ગણેશ જાડેજા સામે કેસ મજબૂત થશે. જૂનાગઢમાં એનએસયુઆઇ શહેર પ્રમુખના અપહરણના કેસમાં મુખ્ય આરોપી ગણેશ જાડેજા જેલમાં છે.

# પીએસઆઈ, પીઆઈની સળંગ પાંચ વર્ષ નોકરી હશે તેની નજીકના જિલ્લામાં બદલી નહી થાય

અમદાવાદ,તા.૨

ગુજરાત પોલીસમાં આમૂલ ફેરફાર થશે. જેમાં પીએસઆઈ તેમજ બિન-હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટરની પારદર્શિતા લાવવા માટે નિર્ણય લેવાયો છે. જે મુજબ કોઈ જિલ્લામાં સળંગ પાંચ વર્ષ નોકરી કરી હશે તો ફરજિયાત પણે નજીકના જિલ્લામાં બદલી નહીં થાય અને અન્ય ક્ષેત્રમાં બદલી કરાશે. ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા બિન-હથિયારી પીએસઆઈ તેમજ બિન-હથિયારી પીઆઈની બદલીની પ્રક્રિયામાં વધુ પારદર્શકતા લાવવામાં આવશે. તેમજ તમામ અધિકારીઓને રાજ્યના અલગ-અલગ ક્ષેત્રોમાં ફરજ બજાવવાની તક મળશે. આ હેતુથી મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી અને પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાથેની મિટિંગમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે પાંચ વર્ષ સુધી એક જ ઝોનમાં નોકરી કરનાર પી.એસ.આઇ કે પી. આઈને તે ઝોનના જિલ્લાઓમાં કે નજીકના જિલ્લાઓમાં બદલી કરી શકાશે નહીં. જે બિન હથિયારી પી.એસ.આઇ કે પી. આઈએ એક જ ઝોનમાં પાંચ વર્ષ સળંગ અથવા તૂટક-તૂટક નોકરી કરી હોય તો તેમની બદલી કયા જિલ્લાઓ કે એકમોમાં કરી શકાશે નહીં, તે અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

# અમદાવાદમાં પતિ બેકાર હોવાથી પત્નીએ ઘર ચલાવવા માટે ડ્રગ્સનું વેચાણ કર્યું

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨

અમદાવાદમાંથી ફરી એક વાર ડ્રગ્સ ઝડપાયું છે. ઈસનપુર વિસ્તારમાંથી એસઓજીએ લાખો રૂપિયાની કિંમતના એમડી ડ્રગ્સ સાથે મહિલા સહિત બે લોકોની ધરપકડ કરી છે. પતિ કોઈ કામ ધંધો કરતો ન હોય ઘર ચલાવવા માટે પત્ની ડ્રગ્સના કારોબાર સાથે જોડાઈ હોવાનું ખૂલ્યું છે. મહિલાને ડ્રગ્સનો જથ્થો પૂરો પાડવામાં અન્ય એક મહિલાનું જ નામ સામે આવ્યું છે. અમદાવાદ શહેર એસઓજીની પકડમાં આવેલા આ બંને આરોપીઓના નામ શાહીનબાનુ સૈયદ અને આમિર ખાન પઠાણ છે. આ બંને આરોપીઓની ડ્રગ્સ સાથે ધરપકડ કરવામાં આવી છે. એસઓજીની ટીમને મળેલી બાતમીના આધારે ઈસનપુરમાં આવેલા અમજા ફ્લેટમાંથી આ બંને આરોપીઓને ડ્રગ્સના જથ્થા સાથે પકડવામાં આવ્યા છે.






# સુરતમાં સ્કૂલ બસ ખાડામાં ખાબકતા ૪૦ બાળકોના જીવ તાળવે ચોંટ્યા

સુરત,તા.૨

સુરતમાં વરસાદને કારણે ઠેર-ઠેર રસ્તાઓનું ધોવાણ થઈ ગયું છે. આજે સવારથી છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે, એટલે રોડ સાઈડમાં પડી ગયેલા ખાડામાં પાણી ભરાઈ ગયાં છે. ત્યારે દાંડી રોડ પર ૩૦થી ૪૦ બાળક ભરેલી સ્કૂલ બસ અચાનક ખાડામાં ખાબકી હતી અને ત્રાંસી થઈ ગઈ હતી, આથી અંદર રહેલાં બાળકોના જીવ તાળવે ચોંટી ગયા હતા અને ચીસાચીસ કરી મૂકી હતી. ઘટનાની જાણ થતાં જ આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા અને તમામ બાળકોનું કાચની બારીમાંથી બહાર કાઢી રેસ્ક્યુ કર્યું હતું. જો બસ પલટી ગઈ હોત તો બાળકોના જીવ જોખમમાં મુકાઈ શકે એમ હતા, પરંતુ બસ ત્રાંસી જ ઊભી રહી જતાં મોટી દુર્ઘટના ટળી છે. દાંડી રોડ પર સાકેત



ચોકડી નજીક મહારાજા અગ્રસેન ઈન્ટરનેશનલ સ્કૂલની બસ કતારગામ વિસ્તારનાં બાળકો લઈને સ્કૂલે આવી રહી હતી. ત્યારે અચાનક ખાડામાં ખાબકીને ત્રાંસી થઈ ગઈ હતી. ઘટના જોતાં જ સ્થાનિક વાહનચાલકો અને શિક્ષકો મદદ માટે દોડી આવ્યા હતા. બાળકોને એક પછી એક કાચની બારીમાંથી બહાર કાઢવામાં આવ્યાં હતાં. બાળકો સહી સલામત હોવાનું જાણવા મળ્યું છે. મોટી જાનહાનિ ટળતાં સ્કૂલ સહિત લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.


